।। શ્રીકૃષ્ણાય નમઃ ।। ।। શ્રીવલ્લભાધીશો જયતિ ।। ।। શ્રીગોપીનાથો જયતિ ।। ।। જયતિ શ્રીવિઠ્ઠલેશ્વરઃ ।।

# પુષ્ટિસંસ્કાર

નવેમ્બર – ૨૦૨૬

વર્ષ - ૧૮ । અંક - ૦૮ । સળંગ અંક - ૨૦૦

આસો–કારતક–માગશર/ વિક્રમ સંવત્ ૨૦૮૩



❖ નિર્માણાધીન પુષ્ટિસંસ્કારધામ ❖ પુષ્ટિસંસ્કાર પબ્લિકેશન ❖ પુષ્ટિસંસ્કાર પાઠશાલા ❖ પુષ્ટિસંસ્કાર વિદ્યાપીઠ ❖
❖ પુષ્ટિબાલવાટીકા ❖ પુષ્ટિસંસ્કાર સ્કૂલ ❖ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ ❖ શ્રીવલ્લભગોશાલા ❖ પુષ્ટિસંસ્કાર પરિવાર ❖







❋ પ્રેરક

નિ.લી. ગોસ્વામી શ્રીકિશોરચન્દ્રજી
શ્રીપુરુષોત્તમલાલજી મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ)

❋ પથદર્શક

શ્રીયૂષકુમારજી (શ્રીવ્રજેન્દ્રજી) મહારાજશ્રી
(મોટી હવેલી - જૂનાગઢ )

❋ પ્રકાશક

શ્રીપુષ્ટિસંસ્કાર સંસ્થાન
મોટી હવેલી,પંચહાટડી ચોક,
જૂનાગઢ-૩૬૨૦૦૧. ફોનઃ૦૨૮૫-૨૬૨૦૨૦૦
૯૦૯૯૯૪૩૯૯૦

❋ મુદ્રક

મેટ્રો ઓફસેટ - જૂનાગઢ

પ્રતિ અંક ₹ ૨૦/-



● પ્રકાશિત કરવામાં આવેલ લેખો અને માહિતિ સાથે પ્રકાશકનું સહમત હોવું અનિવાર્ય નથી. લેખનની સમ્પૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.


॥ શ્રીવલ્લભાધીશો જયતિ ॥

# પુષ્ટિસંસ્કાર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૦૪ | પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ |
| ૦૭ | શ્રીમદ્‌ભગવદ્‌ગીતા |
| ૧૦ | શ્રીભાગવતાર્થપ્રકરણમ્ |
| ૧૩ | સન્યાસ નિર્ણય |
| ૧૬ | પુષ્ટિચિન્તન |
| ૧૯ | શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્ |
| ૨૨ | સર્વનિર્ણયપ્રકરણ |
| ૨૪ | ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ |
| ૨૭ | બાલવિભાગ |
| ૨૯ | પુષ્ટિસંસ્કારધામ |
| ૩૧ | પ્રવૃત્તિ સમાચાર |
| ૩૪ | વ્રતોત્સવ ટિપ્પણી |




તંત્રી/સંપાદક : વિમલભાઈ ભટ્ટ,

# પુષ્ટિસિદ્ધાન્ત પ્રવેશ

## પુષ્ટિમાર્ગીય ગુરૂ અને શિષ્ય

સંકલન : ગોસ્વામી શ્રીપીયૂષબાવાશ્રી



ગતાંકથી આગળ....

**पुष्टिमार्गीय सर्वज्ञः करुणारसपूरितः ।**
**श्रेष्ठफलप्रदाता च तस्मै श्रीगुरवे नमः ।।**

પુષ્ટિમાર્ગીય સર્વસિદ્ધાન્તોના જ્ઞાતા, તે પુષ્ટિસિદ્ધાન્તજ્ઞાન પોતાના શિષ્યને કૃપા કરીને આપનારા અને શ્રીકૃષ્ણભક્તિમાર્ગનું અનુસરણ કરાવીને શિષ્યને ભગવત્પ્રાપ્તિ રૂપ શ્રેષ્ઠ ફલ પ્રદાન કરનારા એવા પુષ્ટિભક્તિમાર્ગીય ગુરૂને નમન.

**સ્વધર્મબોધ માટે ગુરૂની આવશ્યકતા**

મહાભારતના યુદ્ધ સમયે કૌરવોની સેના સામે યુદ્ધ કરવા માટે ઉભેલા અર્જુનને જ્યારે સ્વધર્મ વિષયક પ્રશ્ન ઉત્પન્ન થયા અને તે શંકાઓને કારણે તેઓ ઉદ્વિગ્ન અને હતાશ થયા ત્યારે તેમણે પોતાની શંકાઓ ભગવાન્ શ્રીકૃષ્ણની સામે મૂકીને પ્રભુને વિનન્તિ કરી –

**यत्श्रेयः स्यात् निश्चितं ब्रूहि तन्मे ।**
**शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।।**
**(શ્રીમદ્ભગવદ્ગીતા – ૨/૭)**

અર્થ : જે નિશ્ચિત શ્રેય (=કલ્યાણકારક ધર્મ) હોય તે મને કહો.

હું આપનો શિષ્ય છું, આપને શરણે આવેલા એવા મને; આપ ઉપદેશ કરો.

ત્યારે પ્રભુએ અર્જુનના ગુરૂ બનીને તેઓને શ્રીમદ્ભગવદ્ગીતા રૂપી અમૃતવચન કહ્યા અને તેના સર્વ સન્દેહોને દૂર કરીને કર્તવ્યની સ્પષ્ટ સમજ આપી.

આ જ રીતે શુકદેવજી દ્વારા રાજા પરીક્ષિતને શ્રીમદ્ભાગવતનું જ્ઞાન પ્રાપ્ત થયું.

ઋષિમહર્ષિઓ દ્વારા પોતાના શિષ્યોને અપાયેલું જ્ઞાન વિભિન્ન ઉપનિષદો રૂપે પ્રકટ થયું.

આ રીતે કલ્યાણકારી પથનું સંદેહ રહિત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ ગુરૂની આવશ્યકતા હોય છે.

**પુષ્ટિભક્તિમાર્ગમાં ગુરૂની આવશ્યકતાનો વિશેષ સન્દર્ભ**

શ્રીગોપીનાથજી પુષ્ટિભક્તિમાર્ગમાં ગુરૂની આવશ્યકતા દર્શાવતા જણાવે છે કે

**माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम् ।**
**शास्त्राणामुपयोगोऽत्र तत्राकांक्षा गुरोर्भवेत् ।।**
**(શાધનદીપિકા ૯)**

અર્થ: ભગવદ્ભક્તિ દૃઢ કરવા માટે ભગવાન્ શ્રીકૃષ્ણનું માહાત્મ્યજ્ઞાન આવશ્યક છે. માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રભુના ગુણ અને કર્મોનું શ્રવણ કરવું જોઇએ. તે શ્રવણ કરવા માટે શાસ્ત્રોની આવશ્યકતા છે અને શાસ્ત્રનું જ્ઞાન

મેળવવા માટે ગુરૂની અપેક્ષા છે.

ગુરૂનું કર્તવ્ય જણાવતા શ્રીગોપીનાથજી જણાવે છે –

**દેહદ્રોણ્યા પિપાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ ।**
**ગુરૂણા કર્ણધારેણ હ્યુત્તાર્યા સ્વોપદેશતઃ ।।**

**(સાધનદીપિકા ૧૧)**

અર્થઃ દેહ રૂપી નાવથી સંસારસાગરને પાર કરવાની ઇચ્છાવાળા (શિષ્ય) ને ગુરૂ રૂપી નાવિકે (કર્ણધારે) પોતાના ઉપદેશથી પાર ઉતારવા.

## પુષ્ટિમાર્ગીય ગુરૂની યોગ્યતા

શિષ્યની ધર્મનિષ્ઠાને દૃઢ બનાવવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી ગુરૂની હોય છે. તેથી ગુરૂ સ્થાનીય વ્યક્તિનું જ્ઞાન અને ચરિત્ર ઉત્તમ હોવા આવશ્યક છે. તો જ તેઓ શિષ્યને ઉપદેશ અને પ્રેરણા આપી શકે.

શ્રીમહાપ્રભુજીએ ગુરૂની યોગ્યતા જણાવી છે

**કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્ ।**
**શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેદ્ જિજ્ઞાસુરાદરાત્ ।।**

**(સર્વનિર્ણયનિબન્ધ ૨૨૭)**

ભાવાર્થઃ ભક્તિમાર્ગનું અનુસરણ કરવાની ઇચ્છાવાળા શિષ્યે-

(૧) શ્રીકૃષ્ણસેવામાં તત્પર –

એટલે કે ભક્તિમાર્ગને અનુરૂપ ક્રિયાવાળા

(૨) દંભ વગેરે દુર્ગુણોથી રહિત –

એટલે કે ભક્તિમાર્ગને અનુરૂપ ભાવવાળા

(૩) શ્રીમદ્ભાગવત તત્ત્વના જાણકાર –

એટલે કે ભક્તિમાર્ગને અનુરૂપ જ્ઞાનવાળા

– આવા વ્યક્તિને સારી રીતે ઓળખીને તેમને ગુરૂ તરીકે સ્વીકારી તેમનું આદરપૂર્વક અનુસરણ કરવું જોઇએ. પુષ્ટિમાર્ગમાં શ્રીવલ્લભાચાર્યજીના વંશજોથી આચાર્યપરમ્પરા પ્રવર્તિત થઇ છે. તેથી પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થવાની ઇચ્છાવાળાએ યોગ્ય શ્રીવલ્લભવંશજ આચાર્યને ગુરૂ તરીકે સ્વીકારવા જોઇએ.

જેના આત્મકલ્યાણ માટે ગુરૂની યોગ્યતાનો વિચાર કરવામાં આવ્યો છે તે શિષ્ય જો પોતે જ ધર્મજ્ઞાનપ્રાપ્તિ તેમજ ધર્મ પાલન માટે ઉત્સાહી ન હોય તો ! કહેવાય છે ને કે 'મન હોય તો માળવે જવાય' જો શિષ્યમાં જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા અને ધર્મપાલનનો ઉત્સાહ હોય તો જ તે યોગ્ય ગુરૂની પ્રેરણા અને માર્ગદર્શન દ્વારા શ્રેષ્ઠ ફલ પ્રાપ્ત કરી શકે.

## શિષ્યની જીજ્ઞાસાવૃત્તિ

શિષ્યમાં રહેલી જીજ્ઞાસાવૃત્તિ (જાણવાની ઇચ્છા) તેની યોગ્યતાનું માપદંડ હોય છે. આપણે જોયું કે જ્યારે અર્જુને જાણવાની ઇચ્છા કરી અને પોતાની શંકાઓ ભગવાન સામે પ્રકટ કરી; ત્યારે ભગવાને શ્રીમદ્ભગવદ્ગીતાનો ઉપદેશ આપ્યો. જો અર્જુન; સીધા યુદ્ધ કરવા લાગી ગયા હોત તો શું ભગવાન્ એમને રોકીને ગીતાજીનો ઉપદેશ આપત !

જ્યારે પરીક્ષિત રાજાએ શુકદેવજી પાસે જઇને ભગવાન્ના ચરિત્ર વિષયક પ્રશ્નો કર્યા ત્યારે શુકદેવજીએ એમને ભગવલ્લીલાનો બોધ આપ્યો, શું શુકદેવજી જેવા આત્મરમણશીલ મુનિ પરીક્ષિત રાજાને સામેથી બોલાવીને શ્રીમદ્ભાગવતનો બોધ આપે !

તેથી જ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે

**તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા ।**
**ઉપદેક્ષ્યન્તિ તજ્જ્ઞાનં જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ ।।**

**(શ્રીમદ્ભગવદ્ગીતા ૪/૩૪)**

અર્થ : તત્ત્વને જાણનારા જ્ઞાનીઓને દંડવત્

પ્રણામ કરીને, જીજ્ઞાસાવૃત્તિથી પૂછેલા પ્રશ્ન વડે અને તેમની સેવા કરીને તે જ્ઞાનને તુ જાણ. તેઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

આ રીતે ગુરૂ પાસે રહેલા જ્ઞાનને બહાર લાવવાનું કાર્ય શિષ્યમાં રહેલી જીજ્ઞાસાવૃત્તિ દ્વારા જ સંભવે છે. શ્રીમહાપ્રભુજી શિષ્યની જીજ્ઞાસાવૃત્તિને તેની પ્રાથમિક યોગ્યતા તરીકે સ્વીકારે છે – 'જીજ્ઞાસુઃ નતુ કૌતુકાદ્યાવિષ્ટઃ' એટલે કે શિષ્ય જીજ્ઞાસુ હોવો જોઇએ માત્ર કુતૂહલથી પ્રેરાઇને જાણવા આવેલો ન હોવો જોઇએ.

**પુષ્ટિમાર્ગીય શિષ્યનું કર્તવ્ય**

પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થયેલા શિષ્યે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો અને સિદ્ધાન્તોનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સદા તત્પર રહેવું જોઇએ. જો વિદ્યાલયમાં જતો વિદ્યાર્થી વિદ્યાલયના નિયમોનું પાલન ન કરે, ત્યાં કરાવવામાં આવતા અભ્યાસમાં ધ્યાન ન આપે; તો તે પોતાનું અહિત જ કરે છે. આવું કરવામાં કોઇ ગૌરવ નથી. તે જ રીતે પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થઇને પણ જે શ્રીવલ્લભના ગ્રન્થોનો પાઠ તથા અભ્યાસ ન કરે, દીક્ષામંત્રનું સ્મરણ ન કરે, તેમજ પુષ્ટિમાર્ગના નિયમોનું પાલન ન કરે તેને સારો અને સાચો વૈષ્ણવ કહી શકાય નહિ.

શ્રીવલ્લભાચાર્યજી આપણને શ્રેષ્ઠ શિષ્ય બનવા માટેનો ઉપાય બતાવે છે –

**शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः ।**

**(शास्त्रार्थनिबन्ध प्रकाश – ४)**

અર્થઃ શાસ્ત્રો (તથા તેના અર્થને ઘ્કટ કરતા શ્રીવલ્લભના ગ્રન્થો) નું જ્ઞાન પ્રાપ્ત કરીને મન-વાણી અને કર્મની એકરૂપતાથી શ્રીકૃષ્ણની સેવા ભક્તિ કરવી જોઇએ.

**નિષ્ઠાથી જ શ્રેષ્ઠ પરિણામ**

જે કાર્ય આપણે નિષ્ઠાથી કરીએ તેના જ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરી શકીએ. તેથી સાચો વૈષ્ણવ શિષ્ય તે જ છે કે જે શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાન્તોમાં દઢ નિષ્ઠા રાખીને પરમ કલ્યાણકારી એવા શ્રીકૃષ્ણભક્તિના માર્ગનું અનુસરણ કરે છે.

નિષ્ઠા કોને કહેવાય તે સમજાવતા શ્રીવલ્લભ જણાવે છે કે –

**निष्ठा च साधनैरेव न मनोरथवार्तया ।**

**(शास्त्रार्थ निबन्ध – १८)**

ભાવાર્થ : આપણે સતત જે કાર્ય કરીએ છીએ એના પરથી આપણી નિષ્ઠા પ્રકટ થાય છે, માત્ર મનમાં કંઇક વિચારવું અને કંઇક બોલવું તેના પરથી આપણી તે વિષયમાં નિષ્ઠા છે તેવું ન કહી શકાય.

પૂર્ણ તત્પરતાથી કાર્યની સમાપ્તિ પર્યન્ત પ્રવૃત્ત રહેવું તેને નિષ્ઠા કહેવાય.

જેમ નદીને પાર કરવા માટે નદીમાં કૂદેલો મનુષ્ય કિનારો માત્ર એક હાથ દૂર હોય ત્યારે પણ જો તરવાનું છોડી દે તો તે ડૂબી જાય છે, તેવી રીતે અધૂરા અને અપ્રામાણિક (સ્વબુદ્ધિકલ્પિત) પ્રયાસો કરવાથી કાર્યમાં સફલતા નથી મળતી. શ્રીવલ્લભના સિદ્ધાન્તોમાં અનન્ય વિશ્વાસ રાખીને પૂર્ણ દઢતાથી અનુસરણ કરવાથી જ ભક્તિમાર્ગ ફલિત થાય છે. **(ક્રમશઃ)**



# શ્રીમદ્‌ભગવદ્‌ગીતા
## અધ્યાય ૧૮

વિવેચનઃ નાનુલાલ ગાંધી



ગતાંકથી આગળ....

**चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः ।**
**बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ।।५७।।**

**ચિત્તથી સર્વ કર્મોનું મારામાં અનુસંધાન કરી, મને પરાયણ રહી, બુદ્ધિયોગનો આશ્રય કરી, સદા મારામાં ચિત્ત રાખનાર થા. ૫૭.**

તેથી તું પણ યોગ તથા ભક્તિવાળાં ચિત્તથી સાક્ષાત્ મુખ્ય કર્તા મારામાં સર્વ કર્મોનું અનુસંધાન કરી, મને પરાયણ રહી, અર્થાત્ 'હું કર્તા નથી, પરંતુ મારો અંતર્યામી મુખ્ય કર્તા છે તે સર્વ કરે છે, હું તો તેને આધીન રહી તે પ્રેરે છે તેમ કરૂં છું' એવા ભાવથી મને પરાયણ રહી, અથવા મારી આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી મને પરાયણ રહી, પાછળ સાંખ્ય તથા યોગના એકાર્થરૂપ જે બુદ્ધિયોગ કહેલો છે તેનું અવલંબન કરી નિરંતર મારામાં ચિત્ત રાખ. ૫૭.

**मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।**
**अथ चेत्त्वमहंकारात् न श्रोष्यसि विनंक्ष्यसि ।।५८।।**

**મારામાં ચિત્તવાળો તું સર્વ સંકટો મારા પ્રસાદથી તરીશ પણ તું અહંકારથી સાંભળીશ નહિ તો વિનાશ પામીશ.**

ભગવાનમાં ચિત્ત રાખવાથી શું થશે તે કહે છે. મારામાં તું ચિત્ત રાખીશ તો સર્વ સંકટો તરીશ, પરંતુ 'કર્મ કરવાથી અવશ્ય તેનાં ફલ ભોગવવાં પડશે તેથી કર્મ કરવું યોગ્ય નથી' એમ વિચારી અહંકારથી મારો આ ઉપદેશ સાંભળીશ નહિ તો તારો પ્રાકૃત જીવ પેઠે વિનાશ થશે. ૫૮.

**यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।**
**मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ।।५९।।**

**અહંકારનો આશ્રય કરી 'હું યુદ્ધ કરીશ નહિ' એમ જે તું માને છે તે તારો નિશ્ચય મિથ્યા જ છે. પ્રકૃતિ તને યુદ્ધમાં યોજશે. ૫૯.**

'હું યુદ્ધ કરીશ નહિ' એવો તારો નિશ્ચય વ્યર્થ છે. કારણ કે તારી આજ્ઞા પ્રમાણે વર્તનારી ગૌણ સ્વભાવરૂપ પ્રકૃતિ તારી ઇચ્છા વિરૂદ્ધ પણ તને યુદ્ધમાં યોજશે. ૫૯.

**स्वभावजेन कौन्तेय निबद्धः स्वेन कर्मणा ।**
**कर्तुं नेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपि तत् ।।६०।।**

**હે કૌન્તેય! સ્વભાવથી ઉત્પન્ન થયેલાં પોતાનાં કર્મ વડે બંધાયેલો તું, મોહને લીધે જે કરવા ઇચ્છતો નથી તે પરવશ થઈને પણ કરીશ. ૬૦.**

ગયા શ્લોકમાં (૫૯) કહેલા અર્થનીજ

ઉપપત્તિ કહે છે.

પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં, સ્વભાવથી ઉત્પન્ન થયેલાં કર્મોથી તું બંધાયેલો હોવાથી તારી ઇચ્છા હો કે ન હો તો પણ પ્રકૃતિને પરવશ થઇ તું યુદ્ધ કરવાનો જ. મોહથી યુદ્ધ ન કરવાની તારી ઇચ્છા છે, છતાં પ્રકૃતિને પરવશ થઇ તું યુદ્ધ કરીશ જ. ૬૦.

**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।**
**भ्रामयन्सर्वभूतानि यन्त्रारूढानि मायया ।।६१।।**

**હે અર્જુન ! યન્ત્ર ઉપર ચઢાવેલાં સર્વ પ્રાણીઓને માયાથી ભમાવતા ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહે છે.**

પ્રકૃતિ પણ મને અધીન રહીને મારી ઇચ્છાથી જ એ પ્રમાણે નહિ ઇચ્છતા પ્રાણીને કર્મમાં યોજે છે. તેથી પ્રાકૃત પ્રાણીઓના નિયંતા તરીકે હું જ સર્વ પ્રાણીઓને તેઓનાં પ્રાકૃત કર્મ પ્રમાણે પ્રકૃતિને અધીન રાખી વર્તન કરાવું છું એમ કહે છે. સર્વને નિયમમાં રાખનાર ઇશ્વર વાસુદેવ હું જ મારી લીલા માટે ઉંચા તથા નીચા સરજેલાં અને પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થયેલા બ્રહ્માથી આરંભી ઘાસનાં તળખલાં સુધીના સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહું છું. હું સર્વના હૃદયમાં અંતર્યામીરૂપથી રહેતો હોવા છતાં નિર્લેપ છું એમ દર્શાવવા 'ઇશ્વર' પદ યોજેલું છે, કારણ કે હું ઇશ્વર હોવાથી જ ઉપાધિવાળાં સ્થાન હૃદય પ્રદેશમાં રહેવા છતાં મને ઉપાધિનો સ્પર્શ પણ થતો નથી. ત્યાં રહી હું સર્વ પ્રાણીઓને જાણે તેઓ યંત્ર ઉપર ચઢાવેલા હોય તેમ માયાથી ભ્રમણ કરાવું છું.

હું સર્વ પ્રાણીઓને મારી ઇચ્છા પ્રમાણે કર્મ કરવા પ્રેરૂં છું એજ તેઓનું ભ્રમણ. અહિં દરેક પ્રાણીના દેહ, ઇન્દ્રિય વગેરે યંત્ર છે. તેમાં રહેલા દરેક પ્રાણીની તેના ગુણોના પ્રમાણે પ્રવૃતિ કરાવતો હું તેના હૃદયમાં રહું છું. જેમ સુત્રધાર કાષ્ઠમાં યંત્ર ઉપર ચઢાવેલા બનાવટી પ્રાણીઓને ફેરવે છે તેમ હું શરીરરૂપી યંત્રો ઉપર ચઢાવેલા સર્વ પ્રાણીઓને માયાથી ભ્રમણ કરાવતો તેઓનાં હૃદયમાં રહું છું. આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૂત્ર ૧-૨-૬ તથા ૧-૩-૨૫ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે. ૬૧.

**तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।**
**तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।।६२।।**

**હે ભારત ! સર્વ ભાવથી તેનેજ શરણે જા. તેના પ્રસાદથી પરા શાંતિ અને શાશ્વત સ્થાન તું પ્રાપ્ત કરીશ. ૬૨.**

એ પ્રમાણે ભગવાન પ્રાણી માત્રને પ્રેરનાર હોવાથી સર્વભાવથી સર્વનિયતા, સર્વેશ્વર, શરણ જવા યોગ્ય ભગવાનના જ શરણ જા. એમ નહિ કર તો પણ મારી પ્રેરેલી પ્રકૃતિ તને યુદ્ધમાં યોજશે જ. તેથી પ્રકૃતિને આધીન થઇ યુદ્ધ કરવું તે કરતાં મારી આજ્ઞાથી યુદ્ધ કરવું ઉત્તમ છે. આમ કરવાથી મારી કૃપાથી તને પરા શાંતિ અને અક્ષરબ્રહ્મરૂપી શાશ્વત સ્થાન પ્રાપ્ત થશે. તેથી મારી આજ્ઞાથી સ્વધર્મનું આચરણ કરવું ઉત્તમ છે. એમ કરવાથી મારા ભક્તને બંધન થતું નથી. ૬૨.

**इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।**
**विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु।।६३।।**

**આવી રીતે ગુહ્યથી પણ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું. આનો સંપૂર્ણતાથી વિચાર કરી જે ઇચ્છામાં આવે તેમ કર.**

હવે સર્વ ગીતાના શાસ્ત્રાર્થનો ઉપસંહાર

કરે છે.

ગુહ્યથી એટલે અતિગોપ્ય આ સર્વશાસ્ત્રોનાં જ્ઞાનના સારરૂપ જ્ઞાન સર્વ વેદાંતોના ઉત્તમ સિદ્ધાંતનો સાર મેં તને કહ્યો. આનો સંપૂર્ણતાથી વિચાર કરી જેમ ઇચ્છામાં આવે તેમ કર. ૬૩

**सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।**
**इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ।।६४।।**

**સર્વથી ગુહ્યતમ મારૂં પરમ વચન ફરીથી સાંભળ. તું મને બહુજ પ્રિય છે તેથી તને હિત કહું છું. ૬૪.**

સર્વશાસ્ત્રનો વિચાર કરી શાસ્ત્રાર્થ જાણવો બહુ કઠિન હોવાથી, ભગવાન પોતેજ નિરતિશય કૃપા કરી અર્જુનનો અને તેના દ્વારા સર્વ લોકોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી પોતેજ શાસ્ત્રનો નિશ્ચિતાર્થ કહે છે. તું મને બહુજ પ્રિય છે તેથી આ તારૂં હિત કરનાર પરમ ગુહ્ય વચન કહું છું એમ અર્જુનને આ ઉત્તમ ઉપદેશ આપવાનું પ્રયોજન કહ્યું અને આગળના (૬૫-૬૬) શ્લોકમાં તે હિતકારી ઉપદેશ કહે છે. અહિ 'ફરીથી' અને 'સર્વથી ગુહ્યતમ' શબ્દો યોજ્યા છે તેથી એમ જણાવેલું છે કે જો કે ભગવાન પોતેજ પુરૂષોત્તમ છે એમ પહેલાં અર્જુનને કહેલું છે, છતાં પણ તે (પોતાના સારથિ બનેલ હોઇ) મનુષ્ય જ છે, અને પુરૂષોત્તમ તો બીજોજ કોઇ અતર્યામિરૂપ નિર્ગુણ હશે અને ભગવાને આ (શ્લોક ૬૧-૬૨)થી તેનું ભજન કરવાનો ઉપદેશ કરેલ છે એવો સંદેહ કરવો યોગ્ય નથી. ૬૪.

**मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।**
**मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।६५।।**

**મારામાં મન રાખનાર થા, મારો ભક્ત (થા), મને નમસ્કાર કર. તું મને પ્રિય છે. (તેથી) તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરૂં છું (કે) તું મને જ પામીશ. ૬૫.**

હે પાર્થ! સર્વ વેદાંતોથી વેદ્ય, સ્વકીય ભક્તો પ્રતિ વાત્સલ્યતાના સાગરરૂપ તારો સારથિ થઇ રહેલો હું ભગવાન છું, તેનામાં જ મન રાખ, મારી જ ભક્તિ કર, મારૂં જ યજન કર, મને જ નમસ્કાર કર. આમ કરવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. મૂલમાં **'मामेव'** માં જે **'एव'** 'જ' છે તેનો પ્રત્યેકની સાથે સંબંધ લેવાનો છે. **'एव'** 'જ' શબ્દ શ્રીકૃષ્ણચંદ્રથી અન્ય સર્વ દેવોના ભજનનું નિવારણ કરે છે તેથી 'મારૂં જ ભજન' વગેરે કર, અન્ય કોઇ દેવનું કરીશ નહિ એવો અર્થ થાય છે. આમ કરવાથી મારી જ પ્રાપ્તિ થશે. તું મને પ્રિય હોવાથી તને આડે માર્ગે દોરૂં જ નહિ, તેથી જ તને આ સત્ય મુખ્ય ભક્તિમાર્ગનો ઉપદેશ કરૂં છું. આ શ્લોકનું અનુસંધાન શ્રીભાગવત ૧૧-૨-૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે. (ક્રમશઃ)

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

# શ્રીભાગવતાર્થપ્રકરણમ્

## સ્કન્ધ પાંચમો : સ્થાન

અનુવાદકઃ નાનુલાલ ગાંધી



**ગતાંકથી આગળ....**

સમાધાન : શુક વગેરે જ્ઞાનમાર્ગના બ્રહ્મજ્ઞાનવાળા હોવાથી સર્વ જાણનાર હોઇ તેમને તે વાર્તાઓનું પણ જ્ઞાન થાય. તેથી જ ગૂઢ અર્થવાળા સંવાદથી વૈરાગ્ય ઉત્પન્ન કરવારૂપ જે વસ્તુ સ્થિતિ કહી તે જ પરીક્ષિતને અનુભવની અવસ્થામાં પણ તેવી ન હતી, તેથી તે પણ ભગવાનની લીલા જ છે એમ માની તેણે તે જાણવા માટે પ્રશ્ન કરેલો. વાસ્તવિક રીતે તો જેમ-જેમ બીજા માર્ગની વાર્તાઓનું જ્ઞાન ન થાય, અને ભક્તિમાર્ગની વાર્તાનું જ જ્ઞાન થાય, તેમ-તેમ પુષ્ટિમાર્ગમાં તો ઉત્તમપણું થતું જાય છે એમ અમે નિશ્ચયપૂર્વક કહીએ છીએ. આ અર્થ જણાવવા ભગવાને જ પ્રાચીનબર્હિષ (૪।૨૯।૧) અને પરીક્ષિત (૫।૧૩।૨૬) પાસે આ વાર્તાઓનું જ્ઞાન થાય તે માટે પ્રશ્નો કરાવેલા, એવા ઘણા ગૂઢ અભિપ્રાયથી જ આચાર્યશ્રીએ એવી મર્યાદા હોવાનું કહેલું છે. જ્ઞાનમાર્ગવાળી મર્યાદા આવી જ છે (૭૮।।-૮૦)

(*'પૂર્વ મુક્તાઃ' એ પાઠ છે તે 'પૂર્વ મુક્તાઃ' જોઇએ એમ જણાય છે. એક અનુસ્વાર વધારે છપાયેલ હોવાનું જણાય છે)

ભરતે રહૂગણને આવો બોધ આપ્યાનું કહેલું છે, તે કથા એમ જણાવવાના પ્રયોજનથી કહેલી છે કે ભરતને ત્રણ જન્મો થયેલા તે પૈકી પહેલા બેમાં તેને મુક્તિ પ્રાપ્ત થયેલી ન હોવાથી તે નકામા ગયા એવી શંકા ખોટી છે. તે બે જન્મો સમ્પૂર્ણ રીતે નકામા ગયા ન હતા તેમાં તેની મુક્તિ થયેલી નહિ પરન્તુ મુક્તિથી અધિક રસવાળી ભક્તિ તે જન્મોથી પ્રાપ્ત થયેલ હોવાથી તે નકામા ન હતા. તેથી આ રહૂગણ અને ભરતના સંવાદથી ભરતના પહેલા બે જન્મોની સરસાઇનું નિરૂપણ થયેલું એવી રીતે સાતમાંથી ચૌદમા સુધીના આઠ અધ્યાયોથી ભૂમિરૂપ સ્થાનના રાજાઓની કથા કહી. તેઓ ભૂમિના ઇશ્વર હતા, અને ઐશ્વર્ય આઠ પ્રકારનું હોવાથી આઠ અધ્યાયોથી તેઓની કથા કહી (૮૧)

**પેટા પ્રકરણ ૩; જ્ઞાન. અધ્યાય ૧૫:**

આ વંશનો પહેલો રાજા પ્રિયવ્રત કહ્યો. પંદરમા અધ્યાયમાં છેલ્લો રાજા વિરજ હોવાનું કહેલું છે. પહેલાને અને છેલ્લાને ઉત્તમ કહેવામાં આવે, ત્યારે વચલાઓ પણ તેવા હોવાનું જણાય. તેથી પંદરમા અધ્યાયમાં ભરતના પુત્ર સુમતિથી આરંભી છેલ્લા વિરજ સુધીના રાજાઓનું નિરૂપણ કરેલું છે. ભરતનો પુત્ર સુમતિ પાષંડમાર્ગમાં પણ ઘણું ફલ પ્રાપ્ત કરાવનાર થયો (અ.૧૫।૧). તેના

વંશમાં ગદ્ય ઉત્તમ રાજા થયો. તે વિષ્ણુનો અંશાવતાર હતો અને આત્મજ્ઞાની મહાપુરૂષ હતો. શ્રીકૃષ્ણનો તેનામાં આવેશ થતો (૬-૧૩). આ વંશમાં બધા રાજાઓ ઉત્તમ હતા એમ જણાવવા છેલ્લા રાજા વિરજનું વર્ણન કર્યુ છે. તેણે પોતાની કીર્તિથી આ વંશને શોભાવેલો (શ્લો.૧૬) (૮૨-૮૩)

**પ્રકરણ ૨ ; દેશમાં સ્થિતિ :**

દેશમાં સ્થિતિનું બીજું પ્રકરણ ૧૭ થી ૨૬ સુધીના અગીયાર અધ્યાયોનું છે. તે પૈકી પહેલા પાંચ અધ્યાયોમાં ભૂમિનું નિરૂપણ કરેલું છે. પછીના ત્રણ (૨૧-૨૩) અધ્યાયોમાં નીચેના લોકનું નિરૂપણ કરેલું છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે ગુણો ભૂમિમાં હોવાથી (જુઓ ૩૨।૬।૪૯) એ પાંચે ગુણોનો ભૂમિ વડે ભોગ થઇ શકે તેમ હોવાથી ભૂમિનું પાંચ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. વળી આકાશ, વાયુ, તેજ, જલ અને ભૂમિ એ પાંચ મહાભૂતો છે તે પૈકી પહેલાંના મહાભૂતો પાછળનાં મહાભૂતમાં ભળેલા હોય છે. તેથી જલ વગેરે ભળેલી ભૂમિ ચાર પ્રકારની અને ભૂમિ પોતે (સ્વરૂપથી) એમ પાંચ પ્રકારની ભૂમિ હોવાથી તેનું પાંચ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. વળી મહાભૂત અને જેમાં રજોગુણ સાથે તથા સત્ત્વગુણ સાથે તથા તમોગુણ મુખ્ય હોવાથી, સત્ત્વ, રજઃ અને કેવલ તમઃ એવી રીતે ત્રણ પ્રકારની અને જેમાં રજોગુણ સાથે તથા સત્ત્વગુણ સાથે તથા તથા તમોગુણ મુખ્ય હોય તેવી રીતે બે પ્રકારની એમ ગુણોથી પણ ભૂમિ પાંચ પ્રકારની હોવાથી પાંચ અધ્યાયોથી તેનું નિરૂપણ કરેલું છે.

તેમાં પહેલા ચાર (૧૬-૧૯) અધ્યાયોમાં જમ્બુદ્વીપ સર્વ ભૂમિમાં ઉત્તમ છે, અને ચારે પુરૂષાર્થ પ્રાપ્ત કરાવનાર હોવાથી તેનું ચાર અધ્યાયોથી વર્ણન કરેલું છે અને પછી પાંચમાં (વીસમા) અધ્યાયમાં બાકીની ભૂમિનું નિરૂપણ કરેલું છે. (।।૮૪-૮૫।।)

**અધ્યાય ૧૬ ; જમ્બુદ્વીપ :**

તે પૈકી પહેલા (સોળમા) અધ્યાયમાં જમ્બુદ્વીપનું પરીમાણ(કદ) તથા સ્વરૂપ કહેલાં છે. જે-જે ખંડ જ્યાં જેવા પ્રકારે આવેલ છે તેનું વર્ણન કરેલું છે. ભગવાનનું ભજન કરવામાં ઉપયોગી હોવાથી આનું વર્ણન કરેલું છે. તેથી જ આગળ (જુઓ અ. ૧૯।૨૧-૨૮) દેવો આનું ગાન કરે છે તે કહેલું છે. આ ભગવાન શ્રીકૃષ્ણની કટિ (કેડ) રૂપ પ્રદેશ હોવાથી તેમનું ભજન કરવામાં ઉપયોગી છે, અને ભગવાનનું ધ્યાન થઇ શકે તે માટે આનું વર્ણન કરેલું છે. પરીમાણનું તથા સ્વરૂપનું નિરૂપણ પાંચમા ગદ્યમાં સામાન્ય રીતે કરેલું છે અને છઠ્ઠા ગદ્યથી આરંભી તેનાં ખંડો, ખંડોના સીમાડા ઉપરના પર્વતો, વૃક્ષો, મોટી નદીઓ, પર્વતો અને તેમના માપ(કદ) જણાવી વિસ્તારથી વર્ણન કરેલું છે. ભગવાનની કટિરૂપ આ દ્વીપને 'જમ્બુદ્વીપ' નામ આપવાનું કારણ એવું છે કે આ દ્વીપમાં માત્ર જન્મ થવાથી જ સર્વને શું તજવા યોગ્ય છે અને શું ગ્રહણ કરવા યોગ્ય છે એનું જ્ઞાન થાય છે. ('જન' એટલે જન્મવું + 'બુધ' એટલે જ્ઞાન પ્રાપ્ત થવું = જમ્બુધ. બે ધાતુઓને જોડતાં સન્ધિના નિયમ પ્રમા 'ન્' નો 'મ્' થાય છે. આમાંથી છેલ્લા 'ધ્' ને કાઢી નાખી, છેલ્લા 'ઉ' ને દીર્ઘ કરતાં 'જમ્બૂ' થાય છે) આ જમ્બૂદ્વીપમાં જન્મ થતાં જ જ્ઞાન થાય છે એમ વિકાર વિનાના (એટલે 'જન્' નો વિકાર 'જા' અને 'બુધ્' નો 'બોધ' થાય છે, તે ન કરતાં માત્ર) ધાતુઓ લેવાથી જણાય છે. તેથી જેઓનો જન્મ

વિકારરહિત હોય તેઓને આ દ્વીપમાં જન્મથી જ જ્ઞાન થાય છે એમ જણાય છે.

'વિકારરહિત જન્મ' એટલે દૈવી સૃષ્ટિમાં જન્મ. બીજા દ્વીપોમાં તેમજ સ્વર્ગ વગેરેમાં પણ વિકારરહિત જન્મવાળા હોય તેઓ પણ ભોગમાં રચ્યા-પચ્યા જ રહે છે, પણ આવા જ્ઞાની હોતા નથી. આ દ્વીપમાં બધા સામાન્ય રીતે ચાર પ્રકારના પુરૂષાર્થ જાણનાર હોવા ઉપરાંત, કેટલાકને પુરૂષોત્તમનું અને તેમના ગુણોનું જ્ઞાન હોવાનું જોવામાં આવે છે એવું આ દ્વીપનું જ્ઞાનના વિષયમાં ઉત્તમપણું હોવાથી, જ્ઞાન જણાવનાર ધાતુ ('બુધ' માં માત્રા વધારી 'બુ' કરેલ) છે એમ જાણવું આથી આ દ્વીપનું બીજા કરતા ઉત્તમપણું જણાવેલું છે, તેથી આ દ્વીપનો સર્વ દેવોએ આશ્રય કરેલો છે. જ્ઞાન; સત્ત્વગુણનું કાર્ય છે, અને દેવો સત્ત્વગુણવાળા છે. તેથી તેઓએ આ દ્વીપનો આશ્રય કરેલો છે. આ દ્વીપમાં સત્ત્વગુણ મુખ્ય હોવાનું આથી જણાવ્યું.

અથવા દેવોએ આ દ્વીપનો આશ્રય કરેલો છે, એ આ દ્વીપ ઉત્તમ હોવાનું બીજું કારણ કહેલું છે. બીજા દ્વીપોમાં જુદા-જુદા ગુણોનાં કાર્ય હોય છે, પરન્તુ તે ગુણો જેમને અધીન છે તેવા દેવો તેમાં હોતા નથી. અહીં તો દેવો પણ રહે છે, તેથી આ દ્વીપ ઉત્તમ છે. આ દ્વીપમાં દેવો રહે છે તે અ. ૧૭।૧૪ થી આરંભી અ. ૧૯।૯ સુધીમાં કહેલું છે. ભગવાન્ આ 'જમ્બૂ' નામના દ્વીપમાં રહે છે, તેથી જ આ દ્વીપ સર્વથી ઉત્તમ છે. તેથી જ આ દ્વીપનું આમાં વર્ણન કરેલું નથી, પરન્તુ આ સોળમા અધ્યાયમાં પોતાથી જ શુદ્ધ આ દ્વીપની ભૂમિનું જ વર્ણન કરેલું છે. (૮૬-૮૮)

**અધ્યાય ૧૭; આવેલ ગંગાના જલથી ઉત્તમપણું:**

આ જમ્બૂદ્વીપની ભૂમિ; જલથી પણ ઉત્તમ થાય તે માટે ભગવાને તેમાં ગંગા પણ આણેલી છે (ગદ્ય ૧). જમ્બૂદ્વીપમાં સર્વ સ્થલે ગંગાનો સમ્બન્ધ થાય તે માટે સીતા વગેરે ગંગાના ચાર વિભાગો કહેલા છે (ગદ્ય ૫-૯). ગંગાનો સમ્બન્ધ જમ્બૂદ્વીપની સર્વ ભૂમિને થાય તે યોગ્ય જ છે કારણ કે ઉંચા કરેલા ચરણમાંથી નીકળેલું જલ કટિ ઉપર પડે એ સ્પષ્ટ જ છે (જુઓ ગદ્ય ૧). ભૂમિ ભગવાનની કટિ છે, અને વામને વિરાટ સ્વરૂપ ધારણ કરતાં ડાબો ચરણ ઉંચો કરી તેનાથી બ્રહ્માંડના કટાહને ભેદતાં ઉપરનું જલ તેમના તે ચરણ સાથે સમ્બન્ધમાં આવી, તેમની કટિ ઉપર પડયું. **(ક્રમશઃ)**

## ।। सन्न्यास निर्णय ।।

टिका : गोस्वामी श्रीनृसिंहलालजी महाराजकृत



**गतांकथी आगळ...**

भक्तिमार्गमें श्रवणादि - साधनन्की सिद्धिकेलिये कर्तव्यके पक्षको निराकरण करत हें :

**श्रवणादिप्रसिद्ध्यर्थं कर्तव्यश्चेत् स नेष्यते ।।**
**सहाय-सङ्गसाध्यत्वात् साधनानां च रक्षणात् ।।३ ।।**
**अभिमानान् नियोगाच्च तद्धर्मैश्च विरोधतः ।।**
**गृहादेर् बाधकत्वेन साधनार्थं तथा यदि ।।४ ।।**
**अग्रे ऽपि तादृशैरेव सङ्गो भवति नान्यथा ।।**
**स्वयं च विषयाक्रान्तः पाषण्डी स्यात्तु कालतः ।।५ ।।**

**श्रवणादिप्रसिद्ध्यर्थं = श्रवण आदि आछिभांतिसों होसके तदर्थ, सः = वो, कर्तव्यः = करिवे, योग्य हे (एसो), चेत् = यदि, (उच्यते = कहो), न = नाहीं, इष्यते = इच्छवे योग्य हे (क्यों ?), सहाय-सङ्गसाध्यत्वात् = सहायता ओर सङ्ग सो सिद्ध होयवे वारो होयवे सूं, च = ओर, अभिमानात् = अभिमान्के कारण (एवं = या तरहसूं), तद्धर्मैः = वा धर्मन्सों, विरोधतः = विरोध होयवेसूं, (स = वो; न = नाहीं; साधनानां = साधनान्के, रक्षणात् = रक्षणसूं, च = ओर, कर्तव्यः = करिवे योग्य हे), गृहादेः = घर आदिके, बाधकत्वेन = बाधक होयवेस, यदि = जो, साधनार्थं = साधनके अर्थ (सः = वो सन्न्यास; तर्हि = तो), तथा = वा प्रमाण (न कर्तव्यः यतः = न, करनो, क्योंके) अग्रे = आगे, अपि = हु, तादृशैः = वेसेन्को एव = ही, सङ्गः = सङ्ग, भवति = होय हे, अन्यथा = ओर प्रकारकेन्को, न = नाहीं, तु = ओर कालतः = कालसों, विषयाक्रान्तः = विषयमें आसक्त, स्वयं = खुद, च = हु, पाषण्डी = पाखण्डी, स्यात् = होय**

**भावार्थ :** श्रवणादिकन्की प्रवृत्तिकेलिये त्याग करनो एसो पक्ष होय तो सो पक्ष योग्य नाहीं हे। क्यों जो श्रवणादिन्की सिद्धि सहाय ओर सङ्ग सूं होत हे। ओर त्याग (सन्न्यास)में तो वाके साधन राखने चहिये, तासूं श्रवणादिकन्के साधन होय सके नाहीं। आश्रमकी उत्तमताको अभिमान होय ओर सन्न्यासके धर्मन्सों भक्तिमार्गके श्रवणके धर्मको विरोध हु हे, तासूं श्रवणादिक होय सके नाहीं। ओर गृहादिकके बाधकपनेसूं साधनकेलिये परित्याग करनों एसें जो होय तो त्याग किये पीछेहु एसेन्कोही सङ्ग होय, दूसरेन्को होय नाहीं। ओर आप कालसूं पाषण्डी होये।

**टीका :** इतनें, "जो त्यागी होय सो अकेलो निःसङ्ग शान्त होयके फिरे" एसो शास्त्रमें लेख हे। ओर

श्रवणादिक करिवेमें सहाय तथा सङ्ग अवश्य चहिये तब
श्रवणादिक होय सकै। ओर त्याग करिवेमें जाको सङ्ग मिले सो अपने मार्गके अनुसार श्रवणादिक बतावे, पुष्टिमार्गीय श्रवणकुं तो बतावे नाहीं। जेसें :

मायावादी सगरे जगतकुं कल्पित मानिवेवारे होयवेसूं जगतमें रहे एसे वेदन्कुंहु कल्पित मानत हे। ओर वेदन्में ब्रह्मके जो गुण प्रतिपादित हें सोहु व्यवहारोपयोगी हें, परमार्थमें नाहीं हें तासूं मायावादी भक्तिमार्गसूं विरुद्ध हें।

नैयायिकन्के मतमें जगत्के कर्तापनेंसूं तो ईश्वरकी सिद्धि हे तथापि ज्ञान, इच्छा ओर प्रयत्नादिसूं अतिरिक्त दूसरे धर्म ईश्वरमें हें एसें वे नाहीं मानत हें. तासूं वेहु भक्तिमार्गसूं विरुद्ध हें।

मीमांसक मन्त्रमयी देवता मानत हें। फल देयवेवारो ईश्वर हे एसें नाहीं मानत हें । तासूं मीमांसकन्के मतमें तो श्रवणादिक हे ही नाहीं।

–एसें भिन्न–भिन्न मतवारेन्को सङ्ग होयवेसूं भक्तिमार्गीय श्रवण सिद्ध होय नाहीं।

ओर शास्त्रविहित सन्न्यास आश्रमको अङ्गीकार करिके भक्तिके अर्थ परित्याग करे तब तो सन्न्यास आश्रमके धर्मन्को पालन आवश्यक होय जाय। तब तो वामेंही सर्वकाल व्यतीय होय जाय। इतनें श्रवणादिक करिवेको समयही मिले नाहीं। तेसें सन्न्यासाश्रम सबन्में आदरणीय हे। तासों अपनेमें श्रेष्ठताको अभिमान होय, सोहु भक्तिमार्गसूं विरोधी हे। तेसेंही सन्न्यासाश्रम शास्त्रकी आज्ञाके आधीन हे। ओर सन्न्यासके धर्म तथा भक्तिमार्गीय श्रवणके धर्मन्में परस्पर विरोध हे। तासूं श्रवणादिकन्की सिद्धिकेलिये सन्न्यास करनो ये पक्ष योग्य नाहीं हे।

कदाचित् भक्तिमार्गीय श्रवणादिकके स्वरूपकुं जो जानतो होय ताकुं गृहस्थितिमें व्यासङ्गकरिके श्रवणादिक होय नाहीं एसे कारणसों त्याग करे तो वाकुहु साधनदशामें जेसो पूर्णभाव भक्तिमार्गमे चहिये वेसो नाहीं होयवेसूं निरन्तर श्रवणादिक होय सके नाहीं। ओर चितकी चञ्चलतासूं एतन्मार्गसूं जो विजातीय होंय विनसूंही सङ्ग होय। ओर जिनकुं भगवद्भाव न होय विनको चित्त विषयाक्रान्त होयवेसूं ऐसेन्को सङ्ग, अल्पसमय होय तोहु, प्रथमके भावको नाश करिके अपन्कुंहु विषयाक्रान्त करिवेको सम्भव होय। इतनें प्रथमके भावको निर्वाह नाहीं होयवेसूं त्याग कियो सोहु मुख्यफलकुं सिद्धकरिवेवारो भयो नाहीं। तासूं भक्तिमार्गके विचारमें त्याग करिवेवारो कालक्रमसूं पाषण्डी होय ।।३–५।।

यद्यपि भावकी स्थितिमें दुःसङ्ग बाधक हे तथापि भावकी स्थितिकेलियेही त्यागको उपक्रम कियो हे तासूं दुःसङ्ग होयगो तोहु भाव रहेगो एसो पक्ष कोउ कहे तो ताके निराकरणकेलिये अब कहत हें :

**विषयाक्रान्त–देहानां नाऽऽवेशः सर्वदा हरेः ।।**
**अतोऽत्र साधने भक्तौ नैव त्यागः सुखावहः ।।६।।**

**(किञ्च = ओर), विषयाक्रान्तदेहानां = विषयमें आसक्त देहवारेन्कों, हरेः = श्रीकृष्णको, आवेशः = आवेश, सर्वदा = सब समयमें, न = नाहीं, अतः = यासूं, अत्र = यहां, भक्तौ = भक्तिमें, साधने = साधनमें, त्यागः = त्याग, सुखावहः = सुखकारक, न = नाहीं, एव = ही**

**भावार्थ :** विषयकरिके जिनको देह आक्रान्त हे तिनकुं सर्वदा हरिको आवेश न रहे। (मूलमें 'सर्वथा' पाठ होय तो हरिको निश्चय आवेश न रहे, एसो अर्थ समजनों) तासूं साधनरूप भक्तिमार्गमें अथवा भक्तिमार्गकी साधन दशामें त्याग सुखकुं देवेवारो नाहीं होय हे।

**टीका :** इतनें नेत्र प्रभृति सर्वइन्द्रियन्के रूप प्रभृति सब विषय हें। तिनकरिके जिनको देह व्याप्त हे तिनकुं (विषयको आवेश हृदयमें होयवेसूं) हरिको सर्वदा आवेश नाहीं होय हे। क्यों जो इन्द्रियन्के विषयमें आसक्ति होय सो प्रभुके आवेशमें बाधक हे। तासूं श्रवणादिक जो साधनरूप भक्ति हें ता(अवस्था)में त्याग करे सो पुरुषार्थकुं सिद्ध करिवेवारो न होय। मूलमें 'एव'कार हे तासूं सर्वथा पुरुषार्थको असाधकपनो कह्यो हे ।।६ ।।

तब भक्तिमार्गमें त्याग कहिवेको प्रयोजन नाहीं होयवेसूं त्यागकी व्यर्थता होय हे एसी शंका होय तहां कहत हें :

**विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।।**
**स्वीयबन्ध–निवृत्यर्थं वेषः सोऽत्र न चान्यथा ।।७ ।।**

**विरहानुभवार्थं = विरहको, अनुभव करिवेके अर्थ, तु = तो, वेषः = वेष (अपि = भी), अत्र = यहां, परित्यागः = त्याग, प्रशस्यते = प्रशंसा योग्य हे च = ओर, सः = वा, स्वीयबन्धनिवृत्त्यर्थे = स्वीयजनन्के बन्धनकुं निवृत करिवेके अर्थ, अन्यथा = अन्य प्रकारसों, न = नाहीं**

**भावार्थ :** भगवान्के विरहके अनुभवकेलिये तो त्याग उत्तम कह्यो हे। ओर त्यागमें काषाय वस्त्रादिक वेष हें सो अपने सम्बन्धीन्के बन्धनकी निवृत्तिकेलिये हे, अन्यथा नाहीं हें।

**टीका :** इतनें पुष्टिमार्गीय परित्याग सम्पूर्ण भगवद्भाव भये पीछे होय। क्यों जो भगवान्के विरहको अनुभव तो संयोगसुखको अनुभव भयो होय तब वियोगमें होय। तासूं प्रथम भावपूर्वक भगवान्के श्रीमुखको दर्शन करतो होय, ओर श्रीअङ्गकी सेवा करतो होय, तामें जो आनन्द प्राप्त होतो होय सो वियोगमें दर्शन तथा सेवा को सुख नाहीं मिलवेसूं विरह होय ताको अनुभव करिवेकेलिये गृहादिकको त्याग करे सो उत्तम हे। एसे त्यागमें शुद्धपुष्टिमार्गीय भाववारो होय सोही अधिकारी हे। एसो पूर्णभाववारो जो होय ताकुं सर्वात्मभाववारे जो भक्त हें तिनके सम्बन्धवारी जो रासादिकलीला हे ताको विचार अवश्य होय। ताकरिके ओर ये लीला परमफलरूप हे ताकरिके पूर्व कहे एसे भक्तकुंहु एतन्मार्गीयपनो होयवेसूं एसो फल मिलवेकी अत्यन्त अभिलाषा होय परन्तु या समयमें वाकी अभिलाषा पूर्ण होय नाहीं ओर पूर्ण करिवेवारेको दर्शनहु होय नाहीं तासूं विरह अवश्य होय। ओर गृहमें जो मनुष्य रहे होंय सो विजातीयभाववारे होयवेसूं विनको सङ्ग याके भावको नाश करिवेवारो होय, ताकरिके विरहको अनुभव होय नाहीं। तासूं गृहको त्याग करनो आवश्यक हे। ओर वाको त्याग जतायवेकेलिये काषायादिक त्यागके वेषकी कल्पना(=व्यवस्था) हे। इतनें, यदि सन्न्यासको वेष न होय तो स्त्री–पुत्रादिक आयकें प्रतिबन्ध करें। ओर वेष (सन्न्यासिको धारण) कियो होय तो स्त्री–पुत्रादिक देखिकें "ये तो सन्न्यासी होय गयो हे" एसें जानिके दूर रहे तो प्रतिबन्ध करि सके नाहीं. तासूं सन्न्यासीको वेष हे, ओर कछु प्रयोजन नाहीं हे।।७।। **(क्रमशः)**

# પુષ્ટિચિન્તન

ડો. જયેન્દ્ર સોની



(ગતાંકથી આગળ...)

## સત્સંગનો મહિમા

અહીં ફરી એક પ્રશ્ન ઉદ્ધવે છે કે આપણે હંમેશા ભગવદીયોનો સંગ કે સત્સંગ નિત્ય કરવો આવશ્યક છે તે વાત સ્વીકારીયે છતાં જો એવા ભગવદીય ન મળે તો શું કરવું? કારણ કે ઘણીવાર એવી પરિસ્થિતિ ઉદ્ધવે કે જ્યાં આપણે નિવાસ કરતાં હોઇએ ત્યાં આપણી આડોશ પાડોશમાં આપણે જેનો સત્સંગ કરી શકીએ તેવી કોઇ વ્યક્તિ ન હોય ત્યારે કોનો સંગ કરવો? આ બાબતનો ખુલાસો કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે 'એવી પરિસ્થિતિમાં આચાર્યશ્રીના ગ્રંથો ભગવદીયોની વાણી જેમાં આલેખાયેલી હોય તેવા સાહિત્ય ઇત્યાદિનું વાંચન-ચિંતન-મનન કરવું જોઇએ. ભગવદીયોની વાણી તેમના ભગવદ્રસથી તરબોળ થયેલી હોય છે. તેનું વાચન-મનન આપણા ભગવદ્ભાવને પોષણ આપનારૂં બની રહે છે. શ્રીભાગવતજી પણ સાક્ષાત્ શ્રીજીબાવાનું વાંગ્મય સ્વરૂપ હોઇ તેનાં પ્રત્યેક અક્ષરમાં પ્રભુ બિરાજેલ છે. શ્રીભાગવતજીનું પઠન પણ આપણી ભક્તિને સુદૃઢ બનાવનારું હોય છે. કાંઇ પણ શક્ય ન બને તો નિરંતર અષ્ટાક્ષર મહામંત્રનો જાપ પણ આપણા ભગવદ્ભાવને વધારનારો, અલૌકિક આનંદ તેમજ અલૌકિક ફળ આપનારો બની રહે છે.

સત્સંગના મહત્વને સ્પષ્ટ કરનાર કેટલાય પ્રસંગો આપણા વાર્તા સાહિત્યમાં મળી આવે છે. ચોર્યાસી - બસો બાવન વૈષ્ણવોના કેટલાય પ્રસંગો આપણા જીવન માટે પ્રેરક બળ બને તેવા હોય છે. એવા એનક વૈષ્ણવોના દાખલા આપણા વાર્તા સાહિત્યમાંથી મળી આવે છે જેઓને માટે સત્સંગ એ તેમના નિત્યભોજનથી પણ અધિક મહત્વ ધરાવતું જીવનનું એક આવશ્યક અંગ હતું. શ્રીમહાપ્રભુજીના સેવક દિનકરરાય શેઠ એનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. તેઓ નાના હતાં ત્યારથી જ એમને સત્સંગનો ચસકો લાગી ગયો હતો. જ્યાં પણ ભગવદ્વાર્તા થતી હોય ત્યાં અચુક તે પહોંચી જાય. પછી તેને ઘરબારની કોઇ સુધી રહેતી નહીં. આજ કારણે નારાજ થઇ તેમના ભાઇભાભીએ તેમને પહેરે કપડે ઘરમાંથી કાઢી મુક્યા હતાં. અનાયાસે તેમને શ્રીમહાપ્રભુજીનો મેળાપ થયો અને આપશ્રીની અમૃતવાણીનું પાન કરતાં તેમને ખાત્રી થઇ કે આવી ભગવદ્ વાણીના આનંદની તોલે બીજું કશું આવી શકે નહીં. જીવનનો સાચો સત્સંગ આના સિવાય અન્ય ક્યાંથી પ્રાપ્ત થઇ શકે? જ્યાં પણ શ્રીમહાપ્રભુજી કથા વાર્તા કહે ત્યાં સમયસર પહોંચી જવાનો તેમનો નિયમ. આપશ્રીની મધુરવાણી સાંભળવાનું તેમને વ્યસન

થઇ ગયેલું. એક દિવસ કોઇ કારણસર રસોઇમાં અવેર થાય તેમ હતું અને કથાનો સમય થઇ ગયો. મોડા પડવું કેમ પોસાય? કાચી ભાખરી ખાઇ તેઓ કથાશ્રવણ માટે દોડી ગયાં. એવી હતી સત્સંગ પ્રત્યે તેમની પ્રીતિ. જીવનભર તેમણે કથાશ્રવણ દ્વારા ભગવદ્‌રસનું પાન કર્યું.

બીજા એક વૈષ્ણવની વાત આવે છે. રોજ રાત્રે સત્સંગમાં જવાનો તેમનો નિયમ. સત્સંગ માટે રોજ રાત્રે પાંચ-છ માઇલ દૂર આવેલ બીજા ગામે તેઓ જતાં. અંધારી રાત્રે એક દિવસ આડે રસ્તે ચઢી ગયા. રાત્રીના અંધારામાં ધ્યાન રહ્યું નહીં. એ રસ્તામાં એક બ્રહ્મરાક્ષસ રહે. તેણે રસ્તામાં તે વૈષ્ણવને રોક્યા અને કહ્યું : 'હું તમને ખાઇ જાઉં?' શ્રીમહાપ્રભુજીના પર અટલ શ્રદ્ધાવાળા તે વૈષ્ણવ ગભરાય તો શાના? શાંતિથી પેલા બ્રહ્મરાક્ષસને જવાબ આપ્યોઃ 'તું મને ખાઇ જાય તેનો મને વાંધો નથી પરંતુ આજે એકાદશી છે. હું ફલાણે ગામ સત્સંગ માટે જઇ રહ્યો છું ત્યાં આખી રાત કીર્તન થશે. મને તેનો આનંદ લઇ આવવા દે. સવારે જ્યારે હું પાછો ફરું ત્યારે તું મને ખાઇ જજે.' કેમ જાણે બ્રહ્મરાક્ષસને તે વૈષ્ણવની વાતમાં વિશ્વાસ બેઠો. વચન લઇ તેમને જવા દીધા. વૈષ્ણવ તો પહોંચી ગયા સત્સંગમાં. તેનો અલૌકિક આનંદ માણી સવારે પાછા તેજ રસ્તે તેઓ આવ્યા. તે સાચા બોલા વૈષ્ણવ પ્રત્યે બ્રહ્મરાક્ષસને શ્રદ્ધા જાગી. તેને થયુંઃ જો મને આમના સત્સંગનું અલ્પફળ પણ પ્રાપ્ત થાય તો મારો ઉદ્ધાર થઇ જાય.' તેણે વૈષ્ણવને કહ્યુંઃ 'તમે આખી રાત જે સત્સંગ કર્યો તેનું પુણ્ય મને આપો જેથી મારો ઉદ્ધાર થાય.' વૈષ્ણવે વિચાર કર્યો કે સત્સંગ એ તો અલૌકિક આનંદ રસ છે. તે કેવી રીતે અપાય? તેમણે તો આનાકાની કરી કે 'ભાઇ આ શક્ય નથી. તું મને ભલે ખાઇ જા.' ત્યાં તેણે આકાશવાણી સાંભળી કે 'હે વૈષ્ણવ તમે કીર્તન કરતાં જે તાલીઓના તાલ આપેલા તેમાંથી એક જ તાલીનું ફળ આ ભ્રષ્ટ થયેલા જીવને આપો તો તેનો ઉદ્ધાર થશે.' વૈષ્ણવે તે પ્રમાણે કર્યું તો તે બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર થઇ ગયો.

આવો છે સત્સંગનો મહિમા.

સત્સંગના રસની રસાનુભૂતિનો એક બીજો પ્રસંગ પણ ખૂબ જાણીતો છે. શ્રીગુસાંઇજીના સેવક હતા અલીખાન પઠાણ. સત્સંગના ખૂબ જ રસિક. શ્રીગુસાંઇજીનું કથામૃત ખૂબજ ધ્યાનપૂર્વક સાંભળે અને શબ્દે શબ્દ હૃદયમાં ઉતારે, એક સમયે એવો પ્રસંગ ઉદ્‌ભવ્યો કે કથા શ્રવણ પછી તેમણે શ્રીગુસાંઇજીને વિનંતી કરી કે 'મહારાજ, આપ આજ્ઞા કરો તો ગઇ કાલે કહેલી કથા હું ફરીથી કહું અથવા હું કથામાં આવતો થયો છું, તે દિવસથી શરૂ કરીને ગઇકાલ સુધીની કથા કહી સંભળાવું. મારા રુંવે રુંવે આપની કથાના રસામૃતનું પાન કર્યું છે. આ સાંભળી શ્રીગુસાંઇજી અતિ પ્રસન્ન થયા.

આવી મસ્તી હતી ભગવદ્ રસપાનની, કથામૃતની, સત્સંગની. આવા સત્સંગમાં હોય છે; અલૌકિક આનંદ, માનવજીવનના અસ્તિત્વનો સાચો આનંદ!

અહીં એક બીજી બાત વિચારવા જેવી છે. પુષ્ટિમાર્ગમાં શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરવાની આજ્ઞા કરી નથી, બલ્કે ગૃહમાં રહી ગૃહસ્થાશ્રમ ધર્મનું પાલન કરતાં પરિવારજનો સાથે ભગવદ્‌સેવાનો રાહ ચિંધ્યો છે. ગૃહસ્થાશ્રમ

એટલે કૌટુંબિક જીવન. અહીં કુટુંબની જવાબદારી વહન કરવાની છે અને સામાજીક વ્યવહારો પણ સાચવવાના છે. અહીં વૈરાગ્યને સ્થાન નથી તો પારિવારિક જીવનમાં સમન્વય કેમ જાળવવો?

આના સંદર્ભમાં શ્રીહરિરાયજીની આજ્ઞાઓ યાદ રાખવા જેવી છે. શ્રીહરિરાયજી પાસે પ્રત્યેક પરિસ્થિતિના ખુલાસ છે. પ્રત્યેક મુંઝવણોનો ઉકેલ છે. પ્રત્યેક પ્રશ્નોના જવાબ છે. માટે જ તેમના શિક્ષાપત્ર ગ્રંથમાંથી આપણને મળે છે સાચું શિક્ષણ.

આપશ્રીએ સમજાવ્યું છે કે કૌટુંબિક કે સામાજીક જવાબદારી વહન કરતાં આપણે ભગવાનથી વિમુખ ન બની જઇએ માટે આ સંબંધો અને વ્યવહારો ઉદાસીન ભાવે સાચવવા, એટલે કે તે કેવલ ફરજ રૂપે આચરવા અર્થાત્ યંત્રવત્ તેને નીભાવવા. તેમાં રસરૂચિ ન રાખવા કે આસક્ત થઇ જવું નહીં. આને કપટભાવ કહેવામાં આવે છે. વાસ્તવમાં પ્રેમ ન હોય છતાં તેનો દેખાવ કરવો તનું નામ કપટભાવ. જીવનમાં સહજ કાર્યો કરતાં કરતાં પણ ભગવદ્ નામ કંઠે રહે, ભગવદ્ વિસ્મૃતિ ન થાય તેવા ઉપાયો કરવાં જોઇએ.

વાર્તા સાહિત્યમાં શ્રીગુસાંઇજીના સેવક નારાયણદાસ દીવાનની વાત આવે છે. રાજ્યના દિવાનપદની જવાબદારી તેમના માથે હતી. ઓફિસ કામમાં વ્યસ્ત રહેતાં હોવાથી પ્રભુનું સ્મરણ આપોઆપ બનતું નહીં. એટલે એમણે એક યુક્તિ કરેલી. પોતાની ઓફિસમાં એક વ્રજવાસીને બેસાડી રાખેલો. તે વ્રજવાસી દર પાંચ મિનિટે તેમને એક પ્રશ્ન પૂછે: 'ભૈયા ગોકુલ કબ ચલેંગે?' નારાયણદાસને તે પ્રશ્ન સાંભળતાં જ શ્રીમદ્ ગોકુળની સ્મૃતિ થાય અને જવાબ આપે 'અબ ચલેંગે.' આમ કહી પાછા કામમાં લાગી જાય. આપણે પણ આપણા કામના સ્થળે શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, ગુરૂદેવ ઇત્યાદિના ચિત્ર રાખેલા હોય તો કામ કરતાં કરતાં પણ શ્રીપ્રભુનું સ્મરણ ચાલુ રહી શકે.

શ્રીહરિરાય ચરણે બીજી એક આજ્ઞા કરી કે વૈષ્ણવે વાણીનો સંયમ કેળવવો જોઇએ. જીવનના વ્યવહારોમાં સંપૂર્ણ મૌન તો શક્ય નથી. પરંતુ જેટલું આવશ્યક હોય તેટલું જ બોલવું જોઇએ. ઘણી વ્યક્તિઓને મિથ્યાલાપની કુટેવ હોય છે. જરૂરી ન હોવા છતાં તેમનું ટેપરેકોર્ડર ચાલુ જ હોય છે. જ્યારે બિનજરૂરી વાર્તાલાપ કર્યા કરીએ તો ભગવદ્ નામ છૂટી જાય અને પ્રભુની બહિર્મુખ બની જઇએ. માટે જ સાધુ સંતોએ મૌનનો મહિમા બતાવ્યો છે. મિથ્યાલાપ ટાળવા માટે મૌન સહાયરૂપ બને છે. **(ક્રમશઃ)**

# શ્રીપુરુષોત્તમસહસ્રનામસ્તોત્રમ્

**(શ્રીરઘુનાથજી કૃત 'નામચન્દ્રિકા' ટીકાસાથે)**

**સંકલન : વિમલ ભટ્ટ**



**ગતાંકથી આગળ...**

**સહિષ્ણુઃ ।।૩૫૧।।**

સહનકરવાના સ્વભાવવાળા એવા ભરતરૂપ શ્રીકૃષ્ણ.

પોતે પૂર્ણ શાન્ત સ્વરૂપ હોવાથી સર્વ રીતે સહનશીલ છે. જ્યાં શાન્તપણું હોય ત્યાં સહનપણું હોય છે. એટલે આપનામાં એવી સહનશીલતા હોય એ સ્વાભાવિક જ છે.

**સત્પરાક્રમઃ ।।૩૫૨।।**

૧. સત્યતામાં જ પરાક્રમ કરનાર, ૨. સત્ય પરાક્રમને ધારણ કરનાર,

૩. સત્-ભગવાન્માં તન્મય બનેલા ભક્તોને ન અતિક્રમણ કરે એવા-અર્થાત્ તેમની સર્વ અભિલાષાઓને પરિપૂર્ણ કરનાર,

૪. સત્-ભક્તજનોને પોષણ કરનાર,

૫. ભગવદ્રૂપ પરાક્રમ કરનાર અર્થાત્ મનુષ્યોથી, દેવોથી પણ જે ન થઈ શકે તેવાં આશ્ચર્ય ઉત્પન્ન કરનારાં દિવ્ય અલૌકિક પરાક્રમોને કરનાર એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ.

**રહૂગણગતિજ્ઞસ્ત્યરહૂગણવિમોચકઃ ।**
**ભવાટવીતત્ત્વવક્તાબહિર્મુખહિતેરતઃ ।।૭૬।।**

**રહૂગણગતિજ્ઞઃ ।।૩૫૩।।**

રહૂગણ રાજાની ગતિ-જ્ઞાન પ્રાપ્ત થવાના ઉપાયને જાણનાર એવા પ્રભુ.

**રહૂગણવિમોચકઃ ।।૩૫૪।।**

રહૂગણરાજાને મુક્ત કરનાર.

રહૂગણરાજાને જ્ઞાન આપી કાળથી મૂકાવનાર આપ ભગવાન્ છે. ૧૨મા અધ્યાયમાં મહાત્મા જડભરતે પાલખીનું વહન કરતાં ક્રોધી બનેલા રહૂગણરાજાને ઉત્તમ જ્ઞાનદ્વારા આત્મદર્શન કરાવી જન્મ-મરણરૂપ કાળથી મુક્ત કરાવ્યાનું સ્પષ્ટ જણાવેલું છે. માટે જ રહુગણને મુક્તિ આપનાર એમ કહે છે.

**ભવાટવીતત્ત્વવક્તા ।।૩૫૫।।**

સંસારરૂપ વનનાં તત્ત્વને કહેનાર પ્રભુ.

સંસારરૂપી મહાન ઘોર વનમાં અનેકજન્મોથી જીવોને કેવી-કેવી વિડમ્બના પડે છે તે આ સ્કન્ધના ૧૩ મા અધ્યાયમાં રહૂગણ રાજાને મહાત્મા જડભરતજીએ સ્પષ્ટ બતાવેલું છે તેથી જ સંસારરૂપ મહાઘોર વનના તત્ત્વને, સ્વરૂપને કથન કરનાર એવા પરમાત્મા.

**બહિર્મુખહિતેરતઃ ।।૩૫૬।।**

બહિર્મુખ વૃત્તિવાળાઓનું હિત કરવામાં જેમની ક્રીડાઓ છેતેવા પરમાત્મા.

ઋષભદેવ અને જડભરત જેવા મહાત્માઓ પરબ્રહ્મમાં તન્મય બનેલા હોવાથી દેહાભિમાન ન હોવાને લીધે, તેમ સંગથી દૂર રહેલા હોવાને લીધે, તેમનું ઉન્મત્તવત્ આચરણ જોઈને કેટલાક વેદબાહ્ય બહિર્મુખ વૃત્તિઓવાળા જડવાદી પાખણ્ડીઓ તેવા પ્રકારનું આચરણ કરી આગળ પોતાનું જીવન ચલાવશે. તો તેવાઓને પણ હિત કરવામાં ઋષભદેવ દ્વારા જેમની ક્રીડાઓ છે એવા પ્રભુ.

**ગયસ્વામી સ્થાનવંશકર્તા સ્થાનવિભેદકૃત્ ।**
**પુરુષાવયવો ભૂમિવિશેષવિનિરૂપકઃ ।।૭૭।।**

**ગયસ્વામી ।।૩૫૭।।**

ગયનામના રાજાના સ્વામી પ્રભુ.

ગય નામનો રાજા પ્રભુનો પરમ ભક્ત હતો, તેથી જ પ્રભુ શ્રીકૃષ્ણ તેના સ્વામી છે. ૧૫ મા અધ્યાયમાં **''ગયો રાજર્ષિપ્રવર''** રાજાઓમાં ઉત્તમ ગય પ્રભુમાં પોતાની દૃઢભક્તિ-નિશ્ચલ પ્રેમ રાખી પૃથ્વીનું પાલન કરનાર પરમ ઉદાર અને પરમાત્મા જ પોતાના પ્રભુ છે એમ જાણનાર હતા એમ કથન કરેલું છે. તેથી ભગવાન્ શ્રીકૃષ્ણને ગયસ્વામી કહ્યા છે.

**સ્થાનવંશકર્તા ।।૩૫૮।।**

સ્થાન ધર્મની સ્થિતિ માટે ગયરાજાના વંશને ઉત્પન્ન કરનાર.

**સ્થાનવિભેદકૃત્ ।।૩૫૯।।**

સ્થાનના જુદા-જુદા ભેદકરનાર પ્રભુ.

સ્થાન વંશની સ્થિતિના જુદા-જુદા ભેદ સંસ્થાઓ કરનાર અર્થાત્ પ્રિયવ્રત રાજાના વંશની જુદી-જુદી સંસ્થા-શાખાઓ કરનાર પોતે શ્રીપુરુષોત્તમ.

**પુરુષાવયવઃ ।।૩૬૦।।**

વિરાટરૂપ પરમાત્મા

પુરુષ-વિરાટના અવયવો તે રૂપ, અર્થાત્ બ્રહ્માણ્ડમય સ્વરૂપધારી એવા પ્રભુ. શ્રુતિમાં આપ ઉપદેશે છે કે **''પૃથિવી મે શરીરે શ્રિતા''** આ સર્વ ભૂમણ્ડળ મારા શરીરનો આશ્રય કરીને જ રહેલું છે. માટે તે બધું ભૂમણ્ડળ ભગવદ્રૂપ જ છે.

**ભૂમિવિશેષવિનિરૂપકઃ ।।૩૬૧।।**

ભૂમિનું વિશેષ રીતે નિરૂપણ કરનાર એવા શ્રીકૃષ્ણચન્દ્ર.

ભૂમિનું વિશેષ રીતે એટલે દ્વીપો, પર્વતો, વર્ષો, નદીઓ, વનો અને ત્યાં ત્યાં વસનારી પ્રજાઓ, તેમની જાતિઓ, આયુષ્ય વગેરે માપ-પ્રમાણપૂર્વક નિરૂપણ કરનાર, એવા પરમાત્મા. ૧૬ મા અધ્યાયમાં શુકદેવજી જણાવે છે કે, વિરાટ ભગવાન્ના શરીરરૂપ આ ભૂગોળને યથાર્થરૂપે જણાવવાને બ્રહ્મદેવનું આયુષ્ય મળે તો પણ કોઈ સમર્થ થઈ શક્તું નથી, પરન્તુ તેમાંની મુખ્ય-મુખ્ય બાબતોનું હું વર્ણન કરું છું. આ પ્રમાણે પરીક્ષિત પ્રત્યે કથન કરી પોતે પરમાત્મા જ શુકદેવજી દ્વારા ભૂગોળનું વર્ણન કરનાર છે. પ્રભુ સિવાય સમસ્ત ભૂગોળના યથાર્થ માપને કોણ જાણી શકે એમ છે ? માટેભૂમિનું વિશેષ કરી નિરૂપણ કરનાર એવા ભગવાન્ એમ કહ્યું.

**જમ્બૂદ્વીપપતિઃ મેરુ-નાભિપદ્મરુહાશ્રયઃ ।**
**નાનાવિભૂતિલીલાઢ્યો ગંગોત્પત્તિનિદાનકૃત્ ।।૭૮।।**

**જમ્બૂદ્વીપપતિઃ ।।૩૬૨।।**

જમ્બૂ નામના દ્વીપના પતિ-માલિકએવા પ્રભુ.

**મેરુનાભિપદ્મરુહાશ્રયઃ ।।૩૬૩।।**

ઇલાવૃત વર્ષના નાભિસ્થાન (મધ્ય ભાગ) માં કમળ પેઠે જેનો પ્રાદુર્ભાવ છે, તથા ઇન્દ્રાદિદેવો જેમાં આશ્રય કરે છે એવા મેરુપર્વત રૂપ ભગવાન્. મેરુ એ ભગવાન્નું જ સ્વરૂપ છે.

ગીતામા આપ શ્રીમુખે આજ્ઞા કરે છે કે **''મેરુઃ શિખરિણામ્ અહમ્''** શિખરવાળા પર્વતોમાં મેરુપર્વત હું છું માટે અહીં મેરુપર્વત રૂપ પરમાત્મા એમ જણાવ્યું છે.

**નાનાવિભૂતિલીલાઢ્યઃ ।।૩૬૪।।**

૧. જુદા-જુદા પ્રકારની વિભૂતિલીલા-લક્ષ્મીના વિલાસોથી આઢ્ય...પૂર્ણ,
૨. વિવિધ પ્રકારની વિભૂતિઓ તથા લીલાઓ-ક્રીડાઓથી પરિપૂર્ણ એવા ભગવાન્.

ભગવાન્ પોતે સર્વ લીલાઓથી અને વિભૂતિઓથી પરિપૂર્ણ છે. માટે જ તેમની વિભૂતિઓની તથા લીલાઓની સંખ્યા જ થઈ શકતી નથી. ભગવાને અર્જુનને પોતાની વિભૂતિઓ વર્ણન કરી બતાવી હતી. ૧૬મા અધ્યાયમાં દેવતાઓના નન્દન, ચૈત્રરથ, વૈભાજક અને સર્વતોભદ્ર વગેરે મોટા-મોટા ઉદ્યાનો-બાગો દર્શાવ્યા છે, તેમાં દેવો, યક્ષો, ગાન્ધર્વો વગેરે જુદી-જુદી વિભૂતિઓ દ્વારા સ્વરૂપો દ્વારા પ્રભુ પોતે જ અનેક પ્રકારની ક્રીડાઓ કરી રહ્યા છે. એ ઉદ્દેશને જ આ નામ સૂચન કરે છે.

**ગંગોત્પત્તિનિદાનકૃત્ ।।૨૬૫।।**

ગંગા નદીના ઉત્પત્તિસ્થાનને કરનાર.

પ્રભુએ પોતાના ચરણમાંથી ગંગાને પ્રકટ કરેલાં છે. ૨૭ અધ્યાયમાં કહે છે કે''ગંગાજી ભગવાન્ના ચરણકમલમાંથી જલધારા રૂપે પ્રકટ થયેલાં હોવાથી તેમને વિષ્ણુપદી ભગવત્પદી કહેવામાં આવે છે. એટલે જ અહીં ગંગાના ઉત્પત્તિસ્થાનને કરનાર પ્રભુ એમ કહે છે.

**ગંગામાહાત્મ્યહેતુશ્ચગંગારૂપોતિગૂઢકૃત્।**
**વૈકુણ્ઠદેહહેત્વમ્બુ-જન્મકૃત્ સર્વપાવનઃ ।।૭૯।।**

**ગંગામાહાત્મ્યહેતુઃ ।।૩૬૬।।**

ગંગાના મહિમાના કારણરૂપ.

પોતાના ચરણકમલમાંથી પ્રાદુર્ભૂત થયેલાં ગંગાજી છે, તો પછી તેમના મહિમાનું કારણ પ્રભુ સિવાય અન્ય કોણ હોઈ શકે ? માટે જ પ્રભુ તેમના પ્રભાવ મહિમાનું કારણ-હેતુ છે. એ બરોબર જ છે.

**ગંગારૂપઃ ।।૩૬૭।।**

ગંગાજી જેમનું સ્વરૂપ છેએવા પ્રભુ.

ગંગાનદી પોતે ભગવાન્નું જ સ્વરૂપ છે. ગીતામાં શ્રીમુખે આપ આજ્ઞા કરે છે કે **''સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી''** પ્રવાહી (નદી) ઓમાં જે ગંગાનદી એ મારું સ્વરૂપ છે. તેમ વળી અન્ય સ્થળે આ પ્રમાણે પણ જણાવ્યું છે કે

**''યોઽસૌ નિરગ્જનોદેવઃ ચિત્સ્વરૂપીજનાર્દનઃ,**
**સ એવા દ્રવરૂપેણ ગંગામ્ભોનાત્રસંશયઃ''**

(જે નિર્ગુણ ચિત્સ્વરૂપી શ્રીકૃષ્ણ પરમાત્મા તે જ દ્રવરૂપે-ઝરણરૂપે ગંગાનું જળ છે એમાં લેશ પણ સન્દેહ કરવા જેવું નથી) વગેરે પ્રમાણોથી ગંગા, ભગવાન્નું સ્વરૂપ જ છે, એમ સિદ્ધ થાય છે. તેથી જ ગંગારૂપ પરમાત્મા (પુરુષોત્તમ) એમ અહીં જણાવવામાં આવે છે. **(ક્રમશઃ)**

तत्वार्थदीपनिबन्धान्तर्गत

# सर्वनिर्णयप्रकरण

टीकाकार: सांचोरा श्रीगोकुलदासजी



**गतांकथी आगळ...**

**न्यासे सर्वपरित्यागी नष्टाहम्ममताभिदः।।**
**योगमुत्तममास्थाय लोकातीतो बहिर्दृशिः।।१९८।।**
**असम्प्रज्ञातयोगेक्षो देहत्यागे विमुच्यते।।**
**तादृशस्य बलाद् वापि देहत्यागो विमुक्तिदः।।१९९।।**

प्रथम सद्योमुक्तिको वर्णन करें हे। सन्न्यास करकें मनसों हु सब पदार्थनकुं छोडिके, अहङ्कार तथा ममताकुं छोडिकें, भगवान्के प्रकट होयवेके अर्थ उत्तम योग धारण करके ''के चित् स्वदेहान्तर्हृदयाययवकाशे'' (भाग.पुरा.२।२।८) इत्यादि वाक्यानुसार प्रादेशमात्र चतुर्भुजाकार भगवान् विराजें हें उनकी धारणा करके स्मरण करें, लोकव्यवहारको त्याग करें, आत्माकुं लोकसों भिन्न समुझे, तथा अन्तर्निष्ठ रहे. बाहिर दर्शनकी सम्भावना होय तो असम्प्रज्ञात योगमें दृष्टि लगायके, बाहिरके पदार्थन्के ज्ञानकों छोडिके वेसी निष्ठामें ही देहपात होय तहां तक स्थित रहे तो देहपात होते ही सद्य मुक्ति हो जाय। क्योंके वा अवस्थामें भगवान्को तो आविर्भाव स्थित रह्यो आवेगो तासों या अधिकारीकुं भगवान्को आविर्भाव हृदयमें होय वा ही समयमें प्राणवायुसों ब्रह्माण्ड फोडकें देहत्याग करनों योग्य हे। वाकी हु देहत्याग होत ही सद्य मुक्ति होवे हे।।१९८-९९।।

**सम्प्रज्ञातसमाधिस्थः साङ्ख्यचेनात्मविभिन्नदृक्।।**
**विकृतं प्रकृतेः कार्यं मायेति त्यक्तविग्रहः।।२००।।**
**एवं योगं च साङ्ख्यं च समास्थापयति कृती।।**
**योगेन त्यक्तदेहश्चेत् क्रमान् मुक्तिं स विन्दति।।२०१।।**

क्रममुक्तिको प्रकार बतावें हें 'सम्प्रज्ञात' इति. बहिःसंवेदन अर्थात् बाहिरके पदार्थके ज्ञान सहित योग करकें भगवान्के दर्शन करतो भयो, ज्ञाननिष्ठ होयकें हु परम विरक्त दशामें रहतो भयो, मरण पर्यन्त ज्ञानयोगको अभ्यास करतो भयो, योगकरके ही यदि देहको त्याग करे हे वो क्रममुक्तिकुं प्राप्त होवे हे। तहां ब्रह्मलोक पर्यन्त जायकें बहुत काल वहां स्थित रहिके अधिकारानुसार अनेक मार्गन् करके जावे हे।।२००-०१।।

**ब्रह्मलोकप्रवृत्तानां या गतिः तस्य सा भवेत्।।**
**भक्ताधिकारिणां मुक्तिः अन्यथा प्रकृतौ लयः ।।२०२।।**

अर्थात् ब्रह्मलोकमें स्थित जीवन्की पांच प्रकारकी गति हे। जे अधिकारी होयके हु भक्त हे वे ब्रह्मादिक अधिकार समाप्त भयेसों मुक्त होवे हे। तेसें ही ये हु ब्रह्मलोकगत जीव अधिकारी भक्त होय, कोई निमित्तसों जन्मकुं प्राप्त होय गयो होय तो ये जीवहु मुक्त होजाय।

भक्ति विना अधिकारी ब्रह्मादिकन्को हु प्रकृतिमें ही लय होय हे। ये बात तृतीय स्कन्धमें ''क्ष्माम्भोनलाऽनिल''(भाग.पुरा.३।३२।९) इत्यादि

दोय श्लोकमें तथा ''आद्यः स्थिरचराणां यः'' (भाग.पुरा.३।३२।१२) इत्यादि चार श्लोकन्में लिखी हे ।।२०२।।

**पुनः सृष्टौ तथैश्वर्यं कर्मिणां पुनरागतिः।।**
**आसन्योपासकानान्तु ब्रह्मणा सह मुक्तता ।।२०३।।**

फिर सृष्टि होय तब वे ब्रह्मादिक फिर वेसें ही ऐश्वर्यवारे हो जांय हे। ये गति सहस्र अश्वमेघ करे हे वाकी हु होय हे। वो हु ब्रह्मलोकमें जावे हे परन्तु फिर आवे हे।

तृतीय मार्ग कहे हें: आसन्य-प्राणकी जे वेदोक्त प्रकारसों उपासना करिवे वारे हें वे कल्प पर्यन्त ब्रह्मलोकमें रहिके ब्रह्माके साथ मुक्त होवे हें।।२०३।।

ब्रह्मा अथवा आसन्योपासक यदि इनमेंसों कोई भक्त नहिं होय तो कल्पादिमें फिर आवृत्ति होय. अर्थात् फिर जन्मलेनों पडे हे।

**अभक्ते पुनरावृत्तिः योगनिष्ठां गतस्य तु।।**
**ऐश्वर्यादि हरेर्भक्तो भित्वाण्डं प्रविशेद् हरिम्।।२०४।।**

चतुर्थ गतिको वर्णन करें हें: जो योगी हे अर्थात् जाके योगमार्ग सिद्ध होय गयो हे वाकुं तो वहां ही ईश्वरता, अणिमा, महिमा आदि सिद्धि प्राप्त होय जावें हे। या अधिकारीको ही एकादशमें सिद्धिके प्रकरणमें भगवान्नें वर्णन कियो हे।

पञ्चम मार्गको वर्णन करे हें ''योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना'' (भग.गीता६।४७) इत्यादि गीतावाक्यानुसार जो योगी हरिको भक्त हे वो तो द्वितीयस्कन्धोक्त प्रकार करकें ब्रह्माण्डकों भेदकें श्रीहरिके स्वरूपमें प्रवेश करे हे। आद्य मार्गवारो वहां ही मुक्त होय हे। पञ्चममार्गवारो अण्डको भेदिकें मुक्त होय ये ही आद्यसों यामें विशेषता हे।।२०४।।

**केवलेन हि साङ्खच्येन विविक्त्याध्यात्म-संस्थितिः।।**
**नैव किञ्चित् करोमीति दृढबुद्धिरसक्तधीः।।**
**अन्तेऽप्येवं सदा ध्यायन् अविद्यातो विमुच्यते।।२०५।।**

मिश्रित साङ्खच-योग-भक्तिको वर्णन करिके इन जीवन्की अपेक्षा जो हीनाधिकारी हें उनके अर्थ केवल साङ्खच्चह्नकेवल योग को उपयोग हे। तासों फलद्वारा साङ्खच-योगको निर्णय करते भये केवल जे साङ्खच-योग-भक्ति हें तिनके फलको वर्णन करे हें 'केवलेन' इति.

केवल साङ्खच्चके दो अङ्ग हें। सङ्घातसों भिन्न मानकें आत्माको ज्ञान होनो तथा अहङ्कार नहिं होनों। ये दोउन्को निर्वाह ''में कोई कर्म नहिं करुं हुं'' एसी बुद्धि करिवेसों तथा वैराग्य राखिवेसों होय हे। या प्रकार जीवन पर्यन्त एक धारणासों स्थित रहे तब अविद्यासों छूटे। अर्थात् दूसरे जन्ममें ज्ञानी होयकें उत्पन्न होय।।२०५।। **(क्रमशः)**

# ષોડ્શગ્રંથ ગત ઉપદેશ અને વૈષ્ણવ વાર્તાની સંગતિ

સંકલન : ભુપેન્દ્રભાઈ ભાટીયા



**ગતાંકથી આગળ...**

## ગ્રંથ - સિદ્ધાંતમુક્તાવલી

પુરૂષોત્તમે પુરૂષને (જીવને) અહંતા અને મમતાથી સંસારમાં બાંધ્યો. શ્રીવલ્લભે, પુરૂષને (પુષ્ટિ જીવને) શિખવાડયું કે તારી અહંતા અને મમતાને ભગવદીય કરીને તું પુરૂષોત્તમને બાંધ. પુરૂષોત્તમે પુરૂષને બાંધ્યો તે એની ભક્તિ કહેવાય છે. આપણી અહંતા અને મમતા ભગવદીય બને એજ આપણા માટે ભગવદીયનો એક મોટો સંગ છે. જેમ ગંગાજળમાં પ્રવેશ થતું કિચડનું પાણી ગંગાજળ થાય છે, તેમ જેટલી માત્રામાં આપણે આપણી અહંતા અને મમતાને પ્રભુમાં સમર્પિત કરીએ છીએ એટલી માત્રામાં એ ભગવદીય બને છે અને એના કારણે આપણે અનુભવતા સુખ દુ:ખની સાંસારિકતા મટીને, એમાં ભગવદ્લીલાત્મકતા દેખાય છે. સુખ દુ:ખ નથી મટતાં પણ એના તરફ જોવાનો આપણો નજરીયો બદલે છે. અહંતા-મમતાના કારણે આપણા સુખ દુ:ખના અનુભવમાં આપણને સાંસારિક મોહ હોય છે. અહંતા-મમતા ભગવદીય બનતાં આપણો સાંસારિક મોહ મટી લીલાત્મક મોહ થાય છે, ભક્ત્યાત્મક મોહ થાય છે. જેમ બાલકના જન્મ વખતે માતાને પ્રસુતિની વેદના થાય છે, પણ માતાના પુત્ર માટેના ધ્યેયની સિદ્ધિ થતાં, એને વેદનાને relish કરવાની capacity આવે છે. એવી રીતે પ્રત્યેક દુ:ખના પ્રસંગમાં, પ્રભુ આપણું અલૌકિકમાં કેવું વરણ અને હિત કરી રહ્યાં છે, એ જોવાની ભગવદીયમાં લીલાત્મક દ્રષ્ટિ હોય છે. ત્યારે આપણી મૂઢતા, સંસારાત્મિકા મટી, ભક્ત્યાત્મક બને છે.

**''તત: સંસારદુ:ખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્''**

ભગવદાનંદનો પ્રવાહ જ એટલો અગાધ છે કે એ, જીવના સુખ દુ:ખ રૂપી સંસારને પોતાના પ્રવાહમાં ખેંચી લઇ ક્યાંય દૂર ફેંકી દે છે.

''બ્રહ્મબોધન'' એટલે પ્રભુના વેણુનાદનું શ્રવણ કરવું. 'ભયો મહાબ્રહ્મનાદ ઉઠત ઉગ્ર આહ્લાદ.' આ બ્રહ્મવિદ્યા છે. શ્રીવલ્લભની વાણી જ વેણુનાદની સુધા છે અને સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથનું શ્રવણ કરતાં કરતાં અચ્યુતદાસ ભગવદ્ભોગ્ય સુધાનું અનુપાન કરે છે.

શ્રીમહાપ્રભુજી અચ્યુતદાસને આજ્ઞા કરે છે કે, **''તુમ ભગવદસેવા કરો।''** પરંતુ નિ:સાધન જનોના ફલાત્મા એવા શ્રીવલ્લભના સાન્નિધ્યમાં અચ્યુતદાસને, સેવાના

સાધનલક્ષણરૂપ 'તનુવિત્તજા' સેવાનું વિસ્મરણ થઈ જાય છે. સ્નેહના આવેશમાં અચ્યુતદાસને તનુવિત્તજા સેવાથી લઇને માનસી સેવા સુધી પહોંચવાનો પથ બહુજ લાંબો લાગે છે. તેથી જ શ્રીવલ્લભના **कृपानिधि** સ્વરૂપને ઉદ્દીપન કરતાં, નિઃસાધન અચ્યુતદાસજી, અતિ દિનતાથી વિનન્તિ કરે છે કે, **''श्रीआचार्यजीकों दंडवत् करि विनंती कियो, महाराज ! मो पर ऐसी कृपा करो, जो–एकांतमें बैठिके मानसि सेवामें मन लागे।''** શ્રીઆચાર્યજીને એકાંતમાં રહેવાની વાત વિશેષ રૂચિકર લાગી હશે. આ પ્રસંગમાં અચ્યુતદાસે કેવું નિતાન્ત દૈન્ય પ્રકટ કર્યુ હશે કે એના પ્રતિસાદ રૂપે, શ્રીમહાપ્રભુજી દૈન્યવશ થઇ, અચ્યુતદાસને માનસી સેવાનું દાન કરી દીધુ છે. તનુવિત્તજા સેવા દ્વારા માનસી સેવા ઉપલબ્ધ કરવાની આચાર્યચરણે એક મર્યાદા બાંધેલ છે અને એને ભંગ કરવાનો આવેશ, શ્રીવલ્લભને આવ્યો, ત્યારે આપણને આચાર્યજીના જ વચનામૃતની સ્મૃતિ થઇ જાય છે **''मर्यादा भंगोही पुष्टि।''** અર્થાત્ અચ્યુતદાસના દૈન્યએ મહાપ્રભુજીના હૃદયને દ્રવિત કર્યું અને એમની નિઃસાધનતાએ વલ્લભને એમના સાધન સિદ્ધ કરવા પ્રેરિત કર્યા. **''तबश्री आचार्यजी अपनों चरणामृत दिये। सो अच्युतदास पान करि, हाथ नेत्रनसों लगाय, मस्तक पर लगाय, हृदयसों लगायो। तब अच्युतदासके नेत्र अलोकिक व्है गये। लीलाको दरसन करन लागे। मस्तक पर धरे।''** શ્રીઆચાર્યચરણનું ચરણામૃત પોતાના હાથ પર લગાડતાં જ અચ્યુતદાસને તનુજા સેવાની સિદ્ધિ પ્રાપ્ત થઇ. નેત્ર પર લગાડતા એમને કૃષ્ણ પૂર્ણ પુરૂષોત્તમ રૂપે દેખાયા. મસ્તક પર લગાડતાં અચ્યુદાસને પ્રભુ અર્થ પૂર્ણ દાસભાવ સિદ્ધ થયો. હૃદય પર લગાડતાં એમના હૃદયમાં રહેલ મમતા ભગવત્સ્નેહમાં પરિણમિત થઇ ગઇ, જેથી એમને વિત્તજા સેવાનીય ચરમ સિદ્ધિ ઉપલબ્ધ થઇ ગઇ. અર્થાત્ શ્રીવલ્લભનું ચરણામૃત મસ્તક પર લગાડતાં એમની મમતાનું શોધન થયું, હાથ અને નેત્ર ક્રિયાત્મિકા અને સાનુભાવાત્મિકા સેવા માટે છે, એનું ચરણામૃતથી અલૌકીકરણ થયું. સાનુભાવ એ માનસી સેવાની પહેલી કડી છે. Intensified સાનુભાવ માનસી સેવા છે. અર્થાત્ માનસી સેવાના momentary flashes એ સાનુભાવ છે, એનું fangover રહી જાય ત્યારે માનસી સેવા સિદ્ધ થઇ ગણાય. શ્રીવલ્લભના ચરણામૃતને નિષ્ઠાથી મસ્તક પર ધરી, એની છાયામાં રહેનાર અચ્યુદાસનું માહાત્મ્ય પ્રકટ કરતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, **''सो जैसे मर्यादामार्गमें, गंगाजी मस्तक पर धरि महादेवजी भक्तराज भये। तैसे अच्युतदास माथे पर श्रीआचार्यजीको चरणोदक धरि, ताकी छायामें सदा रहें। हृदयके लगाये सगरी लीला मार्गको सिद्धांत हृदयारूढ भयो।'':** શ્રીમહાપ્રભુજીએ, અચ્યુદાસને હજી તો સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ સંભળાવ્યો પણ નથી તે પહેલા જ સિદ્ધાંતમુક્તાવલીનો સિદ્ધાંત શ્રીવલ્લભના ચરણઅમ્ભોજના પ્રતાપથી અચ્યુદાસને હૃદયારૂઢ થઇ જાય છે. શ્રીઠાકુરજીએ ગોપીજનોને પહેલા ફલાનુભવ કરાવી પછી ભ્રમરગીતમાં વિપ્રયોગ કરાવ્યો, એમની પાસે સાધન કરાવ્યાં, તેમ અચ્યુદાસના હૃદયમાંય પહેલા સિદ્ધાંત સ્થિર કરી પછી સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ ભણાવ્યો. જેમ વ્રજસુંદરીઓને સાકાર પુરૂષોત્તમનો અનુભવ થયા પછી શ્રીઠાકુરજીએ ઉદ્ધવજી દ્વારા એ સાકારની બ્રહ્મતાનો સંદેશો

મોકલી એક reverse process પ્રકટ કર્યો, તેમ અચ્યુતદાસના હૃદયમાંય સિદ્ધાંતનો ફલાત્મક અનુભવ ચરણામૃતથી કરાવ્યા પછી આચાર્યજી એમને સાકારની બ્રહ્મતા સિદ્ધાંતમુક્તાવલીમાં સમજાવે છે. **परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानंदकं बृहत्।** ગોપીજનો અને અચ્યુતદાસના આ દ્રષ્ટાંતમાં, શ્રીઠાકુરજી અને આચાર્યજી પ્રમેયથી ફલ આપ્યા પછી એ ફલને પ્રમાણથી justify કરે છે કે કોઇપણ પુષ્ટિભક્ત માટે પ્રમાણ અને પ્રમેયનું ચક્ર ગતિમાન થવું જોઇએ. **''तब श्रीआचार्यजीने 'सिद्धांतमुक्तावली' करि पढाये। ता करी मानसि सेवामें मग्न भये।''** પુષ્ટિભક્તિમાં અનુક્રમે તનુજા વિત્તજા અને માનસી સેવા છે. અચ્યુદાસને માનસી સેવા સિદ્ધ થયા પછી એઓ ભાવાત્મિકા, તનુવિત્તજા સેવા કરે છે, અર્થાત્ ભાવાત્મક દેહથી અને સ્નેહાત્મક ભાવથી. અચ્યુદાસજી જાણે છે કે, આવી અનિર્વચનીય સિદ્ધિને એ પોતાની ઉપલબ્ધી માનશે તો અહંતા અને મમતાને પોષણ મળશે, તેથી અચ્યુતદાસ નિઃસાધન ભાવ રાખી, આચાર્યજીની કૃપા પર અવલંબિત છે.

તનુજા સેવા અહંતાનું પ્રતીક હોવાથી, અચ્યુતદાસનો માનસી સેવા કરવાનો જે અહેસાસ છે એજ એમની ભાવાત્મક 'તનુ' સેવા છે. એવી જ રીતે મમતાની અનુભૂતિ માટે પ્રભુએ જીવને મન આપ્યું છે. તેથી મનને ભગવદીય કરવા શ્રીમહાપ્રભુજીએ આપણું મન જ્યાં લાગ્યું છે એવા વિત્ત, પુત્ર, ગૃહને પ્રભુમાં જોડવાની strategy પ્રકટ કરી. જેથી પુષ્ટિજીવની મમતાનો વિનિયોગ થાય છે. માનસી સેવા વખતે અચ્યુદાસનો પ્રભુ પ્રત્યે જે સ્નેહ છે, એ એમની મમતાનું અલૌકિકરણ છે. એ સ્નેહને લક્ષ્યમાં રાખીને વાર્તા કહે છે કે, **''नेत्र प्रेमरसमें भरे रहेते।''**!

માનસી સેવા સિદ્ધ થયા પછીની ભાવાત્મક તનુસેવાનું એક દ્રષ્ટાંત આશકરણ રાજા છે. એમની માનસી સેવામાં કેવલ મનનો જ પ્રકાર હોત અને એ વેળા એમનું ભાવાત્મક તન સામેલિત ન હોત તો માનસીમાં કઢી ન ઢોળાત. એવી જ રીતે, ૨૫૨ વૈષ્ણવમાં શ્રીગુસાંઇજીની આજ્ઞાથી માનસી સેવા કરતાં એક વૈષ્ણવે લોભના કારણે પોતાની સત્તાની સાકર વિશેષ વપરાઇ ગઇ એ ભાવથી ખીરમાંથી સાકર પુનઃ કાઢે છે, એ એમની ભાવાત્મિકા વિત્તજા સેવા કે માનસી સેવા વેળા મમતાના સમર્પણનું સાક્ષાત્ ઉદાહરણ છે.

**(ક્રમશઃ)**

❋ નીચે આપેલા નામ કોષ્ટક માંથી શોધો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બ્ર | હ્મ | ગો | વ | અ | ગુ | ણ | સ્ફ | ય | ક |
| હ | વ્ર | ત્રિ | ગુ | ણ | ભ | વ | મે | મુ | મ્ |
| અ | શ્વિ | ની | કુ | મા | ર | મ | દ્વિ | ના | મા |
| ધ | ધા | દ્વિ | હ | વિ | શ | ચ | તુ | ર્વે | દ |
| દ | શ | દ્દિ | ગ | ન્ત | દી | ન | વ | મ | ભ |
| ખ | ક | વિ | બ | હ્મ | પં | ચ | પ | ર્વ | હ |
| ન | વ | ધા | ભ | ક્તિ | ન | વ | ફ | ભ | રિ |
| ક | પ્રા | ણ | વ | ન | સ | પ્ત | સુ | ર | વ |
| શ | ર | ણા | ગ | તિ | હ | ભ | દ | પ્રિ | ચ |
| ચા | ગો | પી | જ | ન | અ | ષ્ટ | ગં | ધ | ભ |




(૧) બ્રહ્મ
(૨) અશ્વિનીકુમાર
(૩) ત્રિગુણ
(૪) ચતુર્વેદ
(૫) પંચપર્વ
(૬) શરણાગતિ
(૭) સપ્તસુર
(૮) અષ્ટગંધ
(૯) નવધાભક્તિ
(૧૦) દશદિગન્ત



❋ **જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.**

| શ્લોક | શ્લોક સંખ્યા | અધ્યાય |
|---|---|---|
| (૧) શ્રુતિવિપ્રતિપન્ના તે ..... | ૨૧ | ૨ |
| (૨) શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે ..... | ૧૬ | ૪ |
| (૩) સર્વભૂતાનિ કૌન્તેય ..... | ૫ | ૯ |
| (૪) મહર્ષયઃ સપ્તપૂર્વે.... | ૨૫ | ૧૦ |
| (૫) અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ ..... | ૯ | ૧૧ |
| (૬) અથ ચિત્તં સમાધાતું ..... | ૨૬ | ૧૨ |
| (૭) ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ ..... | ૬ | ૧૩ |
| (૮) નિર્માનમોહા જિતસંગાદોષા ..... | ૭ | ૧૫ |
| (૯) મનઃ પ્રસાદઃ સૌમ્યત્વં ..... | ૨૬ | ૧૭ |
| (૧૦) પૃથકત્વેન તુ યજ્ઞાનં ..... | ૫૩ | ૧૮ |

## ❋ પ્રિય વૈષ્ણવબાલ,

નીચે આપેલા શ્રીગોપીનાથજી વિરચિત સાધનદીપિકાના અધૂરા શ્લોક પૂર્ણ કરો, મુખપાઠ કરો અને શ્લોક ક્રમાંક આપો.




| | |
|---|---|
| હરિભક્તાપરાધેષુ ..... પ્રસીદતિ ।<br>દોષેષુ ..... ગતિસ્તસ્માદ્ .....સમ્પરિવર્જયેત્।। | શ્લોક ક્રમાંક ..... |
| .....નમેદ્ .....દૃષ્ટવા .....સમાનયેત્ ।<br>ભક્તેષ્વેવં..... સાક્ષાત્ .....વ્યવસ્થિતમ્ ।। | શ્લોક ક્રમાંક ..... |
| વિના .....દ્રવતા .....વિના ।<br>વિના ..... ગાનેન..... કથં.....।। | શ્લોક ક્રમાંક ..... |
| ક્રીડાર્થમસૃજત્ ..... સ્વાત્મના.....જગત્ ।<br>..... કાચભાવ..... લીલાસૃષ્ટિરનુત્તમા ।। | શ્લોક ક્રમાંક ..... |

## ❋ ગતાંકના ઉત્તરો ❋

**જોડકા જોડો - નીચે આપેલા શ્રીમદ્‌ભગવદ્‌ગીતાના શ્લોક-અધ્યાય અને શ્લોક સંખ્યાનો સાચો ક્રમાંક નિયત કરી જોડકા જોડો.**

| શ્લોક | અધ્યાય | શ્લોક સંખ્યા |
|---|---|---|
| (૧) અનેકવક્ત્રનયનમ્ ..... | ૧૧ | ૧૦ |
| (૨) એતાન્યપિ તુ કર્માણિ ..... | ૧૮ | ૬ |
| (૩) રજસ્તમશ્ચાભિભૂય .... | ૧૪ | ૧૦ |
| (૪) આબ્રહ્મભુવનાલ્લોકાઃ ..... | ૮ | ૧૬ |
| (૫) અનાશ્રિતઃ કર્મફલં ..... | ૬ | ૧ |
| (૬) માં ચ યોઽવ્યભિચારેણ ..... | ૧૪ | ૨૬ |
| (૭) જન્મ કર્મ ચ મે દિવ્યં ..... | ૪ | ૯ |
| (૮) મયા તતમિદં સર્વં ..... | ૯ | ૪ |
| (૯) ધ્યાયતો વિષયાન્ પુંસઃ ..... | ૨ | ૬૨ |
| (૧૦) યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા ..... | ૫ | ૧૨ |

### ❋ કોષ્ટક ઉત્તર ❋

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| વિ | વ | ગો | વ | લ્લ | ભ | ભા | સ્ફ | ચ | ક |
| હ | વ્ર | જ | વ | લ્લ | ભ | વ | મે | મુ | મ્ |
| રિ | રા | બો | ક | પ્રે | મ | લ્લ | ધિ | ના | મા |
| લ્લ | ધા | ધિ | લ્લ | વિ | શ | ધિ | નુ | વ | વ |
| ચા | વ | ની | હા | તુ | દી | ન | વ | લ્લ | ભ |
| ખ | લ્લ | વિ | બ | હ્ય | બો | ધિ | ની | ભ | હે |
| કૃ | ભ | ગો | વ | ર્દ્ધ | ન | વ | લ્લ | ભ | રિ |
| લ્લ | પ્રા | ણ | વ | લ્લ | ભ | મ | વ | ત્ર | વ |
| પ્રિ | ર | સિ | ક | વ | લ્લ | ભ | દ | પ્રિ | લ્લ |
| ચા | ગો | પી | જ | ન | વ | લ્લ | ભ | શા | ભ |

❋ ગતાંકના સાધનદીપિકા ગ્રંથના શ્લોક ક્રમાંક

(૧) શ્લોક ક્રમાંક-૧૯ (૨) શ્લોક ક્રમાંક-૨૨

(૩) શ્લોક ક્રમાંક-૪૧ (૪) શ્લોક ક્રમાંક-૪૩

# પુષ્ટિસંસ્કારધામ

પુષ્ટિસંસ્કારધામનું વેગવંતુ નિર્માણકાર્ય





## પુષ્ટિસંસ્કારધામ નિર્માણ સહયોગીઓની યાદી

## ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ થી ૨૦ ઓક્ટોબર ૨૦૨૬ સુધી

| ક્રમ | નામ | ગામ | જમા રકમ |
|---|---|---|---|
| ૧ | સુરેશભાઈ રાઘવજીભાઈ જાવીયા | અમદાવાદ | ૨૫,૫૧,૧૧૧ |
| ૨ | કેયુરભાઈ અનિલભાઈ રબારા | બેંગલોર | ૫,૫૫,૫૫૫ |
| ૩ | ડૉ.સુધિરકુમાર ડાયાલાલ નકુમ | જુનાગઢ | ૫,૦૦,૦૦૦(૨૫,૦૦,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૪ | નિર્મળાબેન મગનલાલ ચોવટીયા | જુનાગઢ | ૩,૬૬,૭૪૮ |
| ૫ | રમેશભાઈ ભીમજીભાઈ સાદરીયા | જુનાગઢ | ૩,૧૯,૦૦૦ |
| ૬ | વિમલભાઈ સંજયભાઈ ટાંક | રાજકોટ | ૨,૪૧,૭૦૩ |
| ૭ | ચિમનભાઈ પરષોત્તમભાઈ ચાપાણી | રાજકોટ | ૧,૫૧,૦૦૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૮ | દેવજીભાઈ ડાયાભાઈ ટીલવા | જુનાગઢ | ૧,૫૧,૦૦૦ |
| ૯ | વ્રજલાલ દિનેશભાઈ કાલરીયા | ઉપલેટા | ૧,૫૦,૦૦૦ |
| ૧૦ | હસમુખભાઈ કરશનભાઈ ભાલોડીયા | નાશીક | ૧,૧૧,૨૦૦ |
| ૧૧ | હસમુખભાઈ રતિલાલ ઉમરેટીયા | મંડલીકપુર | ૧,૧૧,૧૫૧ (૫,૫૨,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૧૨ | ડૉ.મહિપતભાઈ વશરામભાઈ કનેરીયા | જુનાગઢ | ૧,૧૧,૦૦૦ |
| ૧૩ | ભારતીબેન કેશવજીભાઈ અકબરી | રાજકોટ | ૧,૧૧,૦૦૦ |
| ૧૪ | શારદાબેન જયંતીભાઈ સવસાણી | જુનાગઢ | ૧,૧૦,૦૦૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૧૫ | સુરેશકુમાર વશરામભાઈ ગઢીયા | હૈદરાબાદ | ૧,૦૦,૦૦૦ (૧૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે) |
| ૧૬ | વર્ષાબેન ભરતભાઈ વિરાણી | રાજકોટ | ૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે) |
| ૧૭ | હરેશભાઈ દામજીભાઈ ખાચરીયા | રાજકોટ | ૧,૦૦,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે) |
| ૧૮ | દાદુભાઈ દેવાભાઈ કનારા | જુનાગઢ | ૯૬,૦૦૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૧૯ | મગનભાઈ માધવજીભાઈ ગરાળા | હળવદ | ૮૭,૫૦૦ |
| ૨૦ | રીપલબેન આનંદભાઈ કોરડીયા | હૈદરાબાદ | ૬૧,૧૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | રવિભાઈ પ્રફુલભાઈ રાણીંગા | જુનાગઢ | ૫૫,૫૫૫ |
| ૨૨ | મનસુખભાઈ ગોપાલભાઈ ભુત | માતરવાણીયા | ૫૧,૦૦૦ (૧,૧૨,૫૦૦ સંકલ્પ પેટે) |
| ૨૩ | અખિલકુમાર વિઠ્ઠલભાઈ ઘેટીયા | રાજકોટ | ૫૧,૦૦૦ |
| ૨૪ | કાજલબેન નિલેશભાઈ તલાવીયા | અદીલાબાદ | ૫૧,૦૦૦ |
| ૨૫ | અરવિંદભાઈ ઉકાભાઈ પાનસેરીયા | કેશોદ | ૫૦,૦૦૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૨૬ | વિજયભાઈ રતિલાલ ઘનેશા | જુનાગઢ | ૪૦,૦૪૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૨૭ | ગિરીશભાઈ વિઠ્ઠલભાઈ કનેરીયા | હૈદરાબાદ | ૩૧,૨૨૨ (૧,૨૨,૨૨૨ સંકલ્પ પેટે) |
| ૨૮ | ડાયાભાઈ મનજીભાઈ ખાનપરા | શાપર વેરાવળ | ૨૫,૦૦૦ (૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૨૯ | વલ્લભદાસ નાનજીભાઈ કારીયા | જુનાગઢ | ૨૫,૦૦૦ |
| ૩૦ | હિરેનભાઈ જમનાદાસ વડારીયા | રાજકોટ | ૨૦,૦૦૦ (૨,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૩૧ | ગિરીશભાઈ પ્રાગજીભાઈ કાનાબાર | વાંકાનેર | ૧૮,૫૦૦ |
| ૩૨ | નિલેશકુમાર નટવરલાલ કનેરીયા | શાપર વેરાવળ | ૧૧,૧૧૧ |
| ૩૩ | કુંજભાઈ અશ્વીનભાઈ બુદ્ધદેવ | જુનાગઢ | ૧૧,૧૧૧ (૧,૧૧,૧૧૧ સંકલ્પ પેટે) |
| ૩૪ | ચિરાગભાઈ જેંતીભાઈ વાછાણી | ખડીયા(કલાણા) | ૧૧,૧૧૧ |
| ૩૫ | ઉર્મીલાબેન પરબતભાઈ ભુત | બગડુ | ૧૧,૧૦૦ |
| ૩૬ | હિરેનભાઈ મોહનભાઈ સુરેજા | મુંબઈ | ૧૧,૦૦૦ (૫,૫૫,૫૫૫ સંકલ્પ પેટે) |
| ૩૭ | મનિષભાઈ કાંતીભાઈ ગોર | માણાવદર | ૧૧,૦૦૦ (૧૧,૧૧૧ સંકલ્પ પેટે) |
| ૩૮ | શારદાબેન રમેશભાઈ ઠુંમર | જેતલસર | ૧૧,૦૦૦ |
| ૩૯ | મનોજભાઈ વલ્લભભાઈ શેરઠીયા | રાજકોટ | ૧૧,૦૦૦ |
| ૪૦ | યોગેશભાઈ ભાણજીભાઈ સોલંકી | અમદાવાદ | ૧૦,૦૦૦ (૨,૮૪,૨૫૨ સંકલ્પ પેટે) |
| ૪૧ | વિઠ્ઠલભાઈ નરશીભાઈ કમાણી | માતરવાણીયા | ૧૦,૦૦૦ (૨૫,૦૦૦ સંકલ્પ પેટે) |
| ૪૨ | રાધે કૃષ્ણ સત્સંગ મંડળ | જેતલસર | ૧૦,૦૦૦ |
| ૪૩ | ગોકળભાઈ રાઘવભાઈ ડોબરીયા | લેરીયા | ૯,૫૦૦ |
| ૪૪ | વિનુભાઈ લક્ષ્મણભાઈ કાચા | જુનાગઢ | ૯,૦૦૦ |
| ૪૫ | ઈશાનભાઈ વિરેન્દ્રભાઈ શાહ | જુનાગઢ | ૬,૦૦૦ (૫,૫૧,૦૦૦ સંકલ્પ પેટે) |

## મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય ગુરુકુલ – ચોકી સોરઠ

## રાસોત્સવ















## સાંજી ઉત્સવ








## રાસોત્સવ








# પુષ્ટિસંસ્કાર સ્કૂલ – ટીંબાવાડી, જૂનાગઢ

## રાસોત્સવ










**આસો વદ ૧૦ થી માગશર સુદ ૧૧**

| તારીખ | તિથિ | વાર | વિશેષ દિવસની નોંધ |
|---|---|---|---|
| **નવે./૦૪** | **આસો વદ / ૧૦** | **બુધવાર** | બડે શ્રીગોકુલેશજીનો ઉત્સવ |
| ૦૫ | ૧૧ | ગુરૂવાર | એકાદશીવ્રત |
| ૦૭ | ૧૩ | શનિવાર | ધનતેરસ |
| ૦૮ | ૧૪ | રવિવાર | રૂપ ચતુર્દશી, દીપાવલી, હટડી, કાનજગાઇ |
| ૦૯ | ૩૦ | સોમવાર | ગોવર્ધનપૂજા - અન્નકૂટ ઉત્સવ |
| **૧૦** | **કારતક સુદ / ૦૧** | **મંગળવાર** | ગુજરાતી નવવર્ષ પ્રારંભ |
| ૧૧ | ૦૨ | બુધવાર | ભાઇબીજ - શ્રીપુરૂષોત્તમલાલજી દાદાજીનો ઉત્સવ |
| ૧૭ | ૦૮ | મંગળવાર | ગોપાષ્ટમી |
| ૧૮ | ૦૯ | બુધવાર | અક્ષયનવમી-બેઠકજી અન્નકૂટ |
| ૨૧ | ૧૨ | શનિવાર | પ્રબોધિની એકાદશીવ્રત - દેવોત્થાપન સાંજે સંધ્યામાં, શ્રીગુસાંઇજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરજી અને પંચમલાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ |
| **૨૫** | **કારતક વદ / ૦૧** | **બુધવાર** | ગોપમાસ પ્રારંભ |
| ૨૬ | ૦૨ | ગુરૂવાર | શ્રીવ્રજવલ્લભબાવા(પ્રમેયબાવાશ્રી)નો જન્મદિવસ |
| ૨૭ | ૦૩ | શુક્રવાર | શ્રીપીયૂષબાવાશ્રીનો જન્મદિવસ(ચોથનો ક્ષય હોવાથી આજે) |
| **ડીસે./૦૧** | **૦૮** | **મંગળવાર** | શ્રીગુસાંઇજીના દ્વિતીયલાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ |
| ૦૪ | ૧૧ | શુક્રવાર | એકાદશીવ્રત |
| ૦૬ | ૧૩ | રવિવાર | શ્રીગુસાંઇજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીનો ઉત્સવ |
| **૧૬** | **માગશર સુદ /૦૭** | બુધવાર | શ્રીગુસાંઇજીના ચર્તુથલાલજી શ્રીગોકુલનાથજીનો ઉત્સવ |
| ૧૮ | ૦૯ | શુક્રવાર | શ્રીગુસાંઇજીના ઉત્સવની વધાઇ પ્રારંભ, ધનુર્માસ પ્રારંભ |
| ૨૦ | ૧૧ | રવિવાર | એકાદશીવ્રત, શ્રીવ્રજવલ્લભલાલજીનો ઉત્સવ, ગીતાજયંતિ |

**Registered Newspaper**
**PUSHTI SANSKAR (Monthly) - November 2026, JUNAGADH - 362001**
**Posted on 1st of every month (RMS - Junagadh)**

**R.N.I. No. GUJGUJ/2010/34004**
**Postal Reg No.JND/304/2025-2027 (Valid up to 31-12-2027)**
**Total Page : 36 Price ₹ 20**

IF NOT DELIVERED PLEASE RETURN TO

**SHREE PUSHTI SANSKAR SANSTHAN**

MOTI HAVELI, PANCH HATADI CHOWK, JUNAGADH - 362001 (GUJARAT) INDIA

Owner : SHREE PUSHTI SANSKAR SANSTHAN

Printer, Publisher : Jayendrakumar Bhimjibhai Tanna

Editor : Vimal Mahedrabhai Bhatt

Printed at METRO OFFSET Near Sub. Marketing Yard, Dolatpara, Junagadh - 362037

Published at Pusti Sankar Karyalaya, Moti Haveli, Nr. Panch Hatadi Chowk, Junagadh